**રજુ તા.૧૨–૦૪–૨૦૧૬**
**દા.તા. ૧૨–૦૪–૨૦૧૬**
**ફે.તા. ૨૭–૦૨–૨૦૧૯**
**અવધિ. વ. મા. દિ.**
**૦૨–૧૦–૧૫**
**આંકઃ–**

**ભાવનગર જિલ્લાના સત્ર ન્યાયાધીશની કોર્ટમાં, ભાવનગર**

**સેશન્સ કેસ નં.૫૦/૧૬**

શ્રી સ ર કા ર. )( ...ફરિયાદી.

વિરૂઘ્ધ,

શૈલેષભાઈ મંગાભાઈ કંટારીયા, )(
ઉ.વ.આ.૩૬, )(
રહે.તરસમીયા, )(
તા.જી.ભાવનગર. )( ...આરોપી.

ફરિયાદી તરફે વિઘ્વાન એ.પી.પી.શ્રી વી.આર.દેવમુરારી.
આરોપી તરફે વિઘ્વાન વકીલ શ્રી કે.બી.શુકલ

**ચુ કા દો**

(૧) આ કામના આરોપી વિરુઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુના અંગેનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે.

(૨) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીને અગાઉ સાહેદ ગાયત્રીબેન સાથે પ્રેમસંબંધ હતો જે તોડી નાંખી સાહેદ ગાયત્રીબેન ફરિયાદી અમીતભાઈના ભાઈ મુકેશભાઈ સાથે સંબંધ રાખતા હોવાની અને તેની સાથે હરતા ફરતા હોવાની દાઝ રાખી આરોપીએ ગુનો કરવાનો ઈરાદો સેવેલો અને તે ઈરાદો બર લાવવા તા.૨–૧–૨૦૧૬ ના કલાક ૭–૦૦ થી ૮–૦૦ દરમ્યાન આરોપીએ ઈજા પામનાર મુકેશભાઈને મોજે તરસમીયા રોડ, શીતળામાતાની દેરી પાછળ ખુલ્લા ખેતરમાં મોટર સાયકલ સાથે લઈ જઈ તેની સાથે બોલાચાલી કરી, ઉશ્કેરાઈ જઈ, પ્રાણઘાતક હથિયાર છરી વડે ઈજા પામનારને છાતીના ભાગે, પેટમાં બન્ને પડખામાં, કમરના ભાગે, વાંસાના ભાગે, બન્ને હાથ પર તથા થાપાના ભાગે આડેધડ ઘા મારી જીવલેણ અને પ્રાણઘાતક ગંભીર ઈજાઓ કરી તેઓનું મૃત્યુ નીપજાવવાની કોશીષ કરેલી. આ મતલબની ફરિયાદ ફરિયાદીએ તા.૦૨–૦૧–૨૦૧૬ ના રોજ સર ટી.હોસ્પિટલની પોલીસ ચોકીના પી.એસ.આઈ.શ્રી સમક્ષ ફરિયાદ નોંધાવતા તેના આધારે ગુનો રજીસ્ટર્ડ કરવામાં આવેલો અને તપાસના અંતે આરોપી વિરુઘ્ધ પુરતો પુરાવો હોવાનું જણાતા, ભાવનગરના વિઘ્વાન ૧૦ માં એડી. ચીફ જયુડિશીયલ મેજિસ્ટ્રેટશ્રીની અદાલતમાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૩) સદર કામે, આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની તેમજ આરોપીને બચાવ માટે સરકારી વકીલશ્રીની જરૂર છે કે

કેમ, તેવી ખાત્રી કરતાં, આરોપીઓએ પોતાના ખર્ચે વકીલશ્રી રોકેલ હોવાનું જણાય છે. ત્યારબાદ, સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સેશન્સ અદાલતને હોય, વિધ્વાન ૧૦ મા એડિ. ચીફ જયુડિશીયલ મેજિસ્ટ્રેટશ્રી, ભાવનગરનાઓએ ક્રિ.પ્રો.કો.ક.૨૦૯ અન્વયે આ કેસ સેશન્સ અદાલતને કમીટ કરેલ છે. ત્યારબાદ, આ સેશન્સ કેસની સુનાવણી, આ સેશન્સ અદાલત મારફત હાથ ધરવામાં આવેલ છે.

(૪) આ કામના આરોપીઓ વિરુઘ્ધ મારા પુરોગામી સત્ર ન્યાયાધીશશ્રીએ આંક–૫ થી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાનું તહોમતનામુ ફરમાવી, આંક–૬ થી આરોપીનો જવાબ લેતાં, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં, આરોપી વિરુઘ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ જેમાં ફરિયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**:–

| સાહેદ નંબર | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી અમીતભાઈ ભરતભાઈ બારૈયા | ૭ |
| ૨ | સાહેદ મુકેશભાઈ ભરતભાઈ બારૈયા | ૧૩ |

| | | |
|---|---|---|
| ૩ | સાહેદ મંગાભાઈ નાથાભાઈ બારૈયા | ૧૭ |
| ૪ | સાહેદ નીતીનભાઈ શીવાભાઈ બારૈયા | ૧૮ |
| ૫ | સાહેદ જેન્તીભાઈ રાણાભાઈ બારૈયા | ૧૯ |
| ૬ | સાહેદ ભરતભાઈ રાણાભાઈ બારૈયા | ૨૦ |
| ૭ | પંચ ગૌતમભાઈ લઘરભાઈ મકવાણા | ૨૧ |
| ૮ | પંચ વિજયભાઈ હિંમતભાઈ ઢાપા | ૨૭ |
| ૯ | પંચ જીતેન્દ્રભાઈ ગીધાભાઈ ધાપા | ૩૪ |
| ૧૦ | પંચ ભુપતભાઈ પોલાભાઈ બારૈયા | ૩૭ |
| ૧૧ | પંચ વિક્રમભાઈ લઘરાભાઈ બારૈયા | ૪૧ |
| ૧૨ | પંચ ભરતભાઈ બચુભાઈ પરમાર | ૪૨ |
| ૧૩ | પંચ પૃથ્વીરાજ બટુકભાઈ ચૌહાણ | ૪૪ |
| ૧૪ | પંચ અતુલભાઈ ધીરુભાઈ ત્રિવેદી | ૪૫ |
| ૧૫ | પંચ સંતોષભાઈ શાંતિભાઈ ચૌહાણ | ૪૭ |
| ૧૬ | ડો.મનીષાબેન દીનુભાઈ નાયક | ૪૮ |
| ૧૭ | સાહેદ ખોડુભાઈ જીલુભાઈ કરપડા | ૫૨ |
| ૧૮ | સાહેદ રમેશચંદ્ર ચંદ્રકાંતભાઈ પંડયા | ૫૫ |
| ૧૯ | સાહેદ બંસીલાલ રામજીભાઈ નીનામા | ૫૭ |
| ૨૦ | ડો.લલીતાબેન શાંતીલાલ ગલીયલ | ૬૨ |
| ૨૧ | ડો.નયનાબેન મધુકર ગાયકવાડ | ૬૫ |
| ૨૨ | ત.ક.અ. ઘનશ્યામભાઈ બચુભાઈ બાંભણીયા | ૭૯ |

**દસ્તાવેજી પુરાવો**ઃ–

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૮ |
| ૨ | જાહેર માહિતી અધિકારી, પોલીસ અધીક્ષકની કચેરીનો પત્ર | ૧૪ |
| ૩ | પી.એસ.આઈ. ગાવીતનો પત્ર | ૧૫ |
| ૪ | સાહેદ મુકેશભાઈ ભરતભાઈની અરજી | ૧૬ |
| ૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૨ |
| ૬ | મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૩ ઉપરની કાપલીઓ | ૨૩ થી ૨૫ |
| ૭ | ઈજા પામનારનાં કપડા કબજે કર્યાનું પંચનામું | ૨૮ |
| ૮ | મુદ્દામાલ આર્ટીકલ નં.૪ ની કાપલી | ૨૯ |
| ૯ | મુદ્દામાલ આર્ટીકલ નં.૫ ની કાપલી | ૩૦ |
| ૧૦ | મુદ્દામાલ આર્ટીકલ નં.૬ ની કાપલી | ૩૧ |
| ૧૧ | મુદ્દામાલ આર્ટીકલ નં.૭ ની કાપલી | ૩૨ |
| ૧૨ | મુદ્દામાલ આર્ટીકલ નં.૮ ની કાપલી | ૩૩ |
| ૧૩ | આરોપીને અટક કર્યાનું તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૩૫ |
| ૧૪ | મુદ્દામાલ આર્ટીકલ નં.૧૦ ની કાપલી | ૩૬ |
| ૧૫ | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું | ૩૮ |
| ૧૬ | મુદ્દામાલ આર્ટીકલ નં.૧૧ ની કાપલી | ૩૯ |
| ૧૭ | મુદ્દામાલ આર્ટીકલ નં.૧૨ ની કાપલી | ૪૦ |
| ૧૮ | આરોપીનું બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું | ૪૩ |
| ૧૯ | ઈજા પામનારનું બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું | ૪૬ |
| ૨૦ | મુકેશભાઈનું ઈજાનું પ્રમાણપત્ર | ૪૯ |

| | | |
|---|---|---|
| ૨૧ | મુકેશભાઈના મેડીકલ કેસ પેપર | ૫૦ |
| ૨૨ | મુકેશભાઈનો સીટી સ્કેન રીપોર્ટ | ૫૧ |
| ૨૩ | ગુન્હો રજીસ્ટર કરવા પી.એસ.ઓ.ને કરેલ યાદી | ૫૩ |
| ૨૪ | પી.એસ.ઓ. ની યાદી | ૫૪ |
| ૨૫ | એફ.એસ.એલ. નો સ્થળ નીરીક્ષણનો રીપોર્ટ | ૫૬ |
| ૨૬ | સ્ટેશન ડાયરીની ઝેરોક્ષ | ૫૮ |
| ૨૭ | ગુન્હાની આગળની તપાસ સોંપ્યાની યાદી | ૫૯ |
| ૨૮ | ભારે ગુન્હાનો રીપોર્ટ | ૬૦ |
| ૨૯ | મુકેશભાઈનું બ્લડ સેમ્પલ લઈ એફ.એસ.એલ. તરફ મોકલ્યાનું સર્ટીફીકેટ | ૬૩ |
| ૩૦ | મુકેશભાઈનું બ્લડ સેમ્પલ લેવા માટેની યાદી | ૬૪ |
| ૩૧ | શૈલેષભાઈનું બ્લડ સેમ્પલ લઈ એફ.એસ.એલ. તરફ મોકલ્યાનું સર્ટીફીકેટ | ૬૬ |
| ૩૨ | શૈલેષભાઈનું બ્લડ સેમ્પલ લેવા માટેની યાદી | ૬૭ |
| ૩૩ | શૈલેષભાઈ મંગાભાઈ કંટારીયાના ઓ.પી.ડી. કેસ પેપર્સ | ૬૮ |
| ૩૪ | એફ.એસ.એલ. અધિકારીને સ્થળ પર તપાસ કરવા માટે કરેલ યાદી | ૮૦ |
| ૩૫ | ઈજા પામના મુકેશભાઈ ભાનમાં આવ્યેથી તે અંગે જાણ કરતો પત્ર | ૮૧ |
| ૩૬ | ઈજા પામનારનું ડી.ડી. લેવા કરેલ યાદી | ૮૨ |
| ૩૭ | આરોપીના મોબાઈલ ફોનની કોલ ડીટેઈલ મેળવવા કરેલ યાદી | ૮૩ |
| ૩૮ | ઈજા પામનારની કોઈ ડીટેઈલ મેળવવા કરેલ યાદી | ૮૪ |
| ૩૯ | બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા એકઝી.મેજી.ને કરેલ | ૮૫ |

| | | |
|---|---|---|
| | યાદી | |
| ૪૦ | બનાવવાળી જગ્યાનો નકશો | ૮૬ |
| ૪૧ | મુદ્દામાલ રવાનગી નોંધ | ૮૭ |
| ૪૨ | એફ.એસ.એલ. ને મુદ્દામાલ મળ્યાની પહોંચ | ૮૮ |
| ૪૩ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર | ૮૯ |
| ૪૪ | એફ.એસ.એલ.નો બાયોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ | ૯૦ |
| ૪૫ | એફ.એસ.એલ.નો સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ | ૯૧ |
| ૪૬ | એફ.એસ.એલ.નો ભૌતીકશાસ્ત્રનો પૃથ્થકરણ અહેવાલ | ૯૨ |
| ૪૭ | જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું | ૯૩ |
| ૪૮ | ઈજા પામનાર મુકેશભાઈ બારૈયાની કોલ ડીટેઈલ | ૯૪ |
| ૪૯ | મોબાઈલ નં.૯૯૧૩૩૮૪૨૩૬ ની કોલ ડીટેઈલ | ૯૫ |
| ૫૦ | મોબાઈલ નં.૯૫૭૪૬૭૩૯૦૧ ની કોલ ડીટેઈલ | ૯૬ |
| ૫૧ | આઈડીયા કંપનીના નોડલ ઓફીસરનો લેટર | ૯૭ |
| ૫૨ | આઈડીયા કંપનીના નોડલ ઓફીસરનું સર્ટીફીકેટ | ૯૮ |
| ૫૩ | કોલ ડીટેઈલ | ૯૯ |
| ૫૪ | મોબાઈલ નં.૯૯૨૪૦૩૯૫૮૪ ની વિગતો | ૧૦૦ |
| ૫૫ | વોડાફોન કંપનીના મોબાઈલ નં.૯૯૧૩૩૮૪૨૩૬ ની કોલ ડીટેઈલ્સ, સર્ટીફીકેટ વિગેરે | ૧૦૧ થી ૧૦૬ |
| ૫૬ | મોબાઈલ નં.૯૫૭૪૬૭૩૯૦૧ ની કોલ ડીટેઈલ્સ, સર્ટીફીકેટ વિગેરે | ૧૦૭ થી ૧૧૦ |

(૫) ઉપર મુજબનો પુરાવો લીધા બાદ, ક્રિ.પ્રો.કો.ક.૩૧૩ હેઠળ આરોપીનું વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનો ઈન્કાર કરી, તેઓ વિરુધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

(૬) ઉપરોકત સંજોગોમાં, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છેઃ

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે, આ કામના આરોપીને અગાઉ સાહેદ ગાયત્રીબેન સાથે પ્રેમસંબંધ હતો જે તોડી નાંખી સાહેદ ગાયત્રીબેન ફરિયાદી અમીતભાઈના ભાઈ મુકેશભાઈ સાથે સંબંધ રાખતા હોવાની અને તેની સાથે હરતા ફરતા હોવાની દાઝ રાખી આરોપીએ ગુનો કરવાનો ઈરાદો સેવેલો અને તે ઈરાદો બર લાવવા તા.૨–૧–૨૦૧૬ ના કલાક ૭–૦૦ થી ૮–૦૦ દરમ્યાન આરોપીએ ઈજા પામનાર મુકેશભાઈને મોજે તરસમીયા રોડ, શીતળામાતાની દેરી પાછળ ખુલ્લા ખેતરમાં મોટર સાયકલ સાથે લઈ જઈ તેની સાથે બોલાચાલી કરી, ઉશ્કેરાઈ જઈ, પ્રાણઘાતક હથિયાર છરી વડે ઈજા પામનારને છાતીના ભાગે, પેટમાં બન્ને પડખામાં, કમરના ભાગે, વાંસાના ભાગે, બન્ને હાથ પર તથા થાપાના ભાગે આડેધડ ઘા મારી જીવલેણ અને પ્રાણઘાતક ગંભીર ઈજાઓ કરી તેઓનું મૃત્યુ નીપજાવવાની કોશીષ કરી આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું હથિયાર બંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ થઈ અમલમાં હોવા છતાં આરોપીએ જાહેરમાં છરી ધારણ કરી ગુજરાત

પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૩. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.
૨. નકારમાં.
૩. આખરી હુકમ મુજબ.

## કા ર ણો

(૮) ફરિયાદી તરફે વીથ પ્રોસીકયુશન આંક ૧૧૩ થી લેખિત દલીલ રજુ કરેલ છે. વિ.વ.શ્રીની દલીલો મુજબ ફરિયાદીએ આરોપી તથા મુદ્દામાલ છરીને નામદાર કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે. ભોગ બનનાર મુકેશભાઈએ પણ આરોપી ઘ્વારા શરીરના અલગ અલગ ભાગમાં આશરે બાર ઘા મારેલ હોવાની હકીકત જણાવેલ છે. બનાવની જગ્યાના પંચનામાના પંચે પંચનામાની તમામ હકીકતને સમર્થન આપેલ છે. આંક ૩૪ ના સાહેદ જીતેન્દ્રભાઈએ આરોપી જે જગ્યાએ સંતાયેલ હતા તે જગ્યાનું તથા આરોપી પાસેથી તેમની હાજરીમાં કબજે કરેલ મુદ્દામાલ છરી અન્વયેના પંચનામાને પુરતુ સમર્થન આપેલ છે. કોલ ડીટેઈલનો પુરાવાથી પણ સદરહુ બનાવમાં આરોપી સંડોવાયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. તેમજ આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતાં, ફરિયાદ પક્ષે આરોપી વિરુઘ્ઘ ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ હોય, આક્ષેપિત ગુના માટે આરોપીને

તકસીરવાન ઠરાવી, કાયદામાં ઠરાવેલ સજા કરવા દલીલો કરેલ છે. ફરિયાદ પક્ષ તરફે તેઓની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજૂ કરેલ છે.

૧. લોઝ(એસસી) ૧૯૯૪ ૧ ૩૪, સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડીયા
ધનંજય ચેટર્જી ઉર્ફ ધના વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ.

૨. ૨૦૦૦(૨) જી.એલ.એચ.૫૬૭, સુપ્રીમ કોર્ટ,
કોલી લક્ષ્મણભાઈ ચંદાભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત.

૩. લોઝ (જીજેએચ) ૨૦૦૦ ૬ ૪૯, ગુજરાત હાઈકોર્ટ,
કાંતીલાલ વિ. સ્ટેટ.

(૯) આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીએ આંક–૧૧૬ થી લેખિત દલીલો રજુ કરેલ છે. વિધ્વાન વકીલશ્રીની દલીલો મુજબ, હાલના આરોપીને ખોટી રીતે સંડોવેલ છે, અન્ય બે તહોમતદારોની કોઈ ધરપકડ થયેલ નથી કે તેની કોઈ ઓળખ કરવામાં આવેલ નથી. ફરિયાદીએ બનાવ નજરે જોયો નથી, તેને ખોટી રીતે આઈ વીટનેસ તરીકે ઉભો કરેલ છે. ફરિયાદમાં મારો ભાઈ લોહીલુહાણ પડેલ હતો તેવા શબ્દો વાપરેલ છે. ફરિયાદીએ જો બનાવ જોયો હોત તો ફરિયાદમાં પડેલ હતો તેવા શબ્દો લખવામાં આવેલ ન હોત. ફરિયાદમાં ફરિયાદી મોટીવ સાબિત કરી શકયા નથી. જયારે મોટીવ સાબિત થતો ન હોય ત્યારે ઈન્ટેન્શન અસ્તીત્વમાં આવતો નથી. ગાયત્રીબેન સાથે પ્રેમ સબંધને કારણે બનાવ બનેલ છે તેવી પોલીસની થીયરી છે. પ્રોસીકયુશન તરફથી ગાયત્રીબેનને વીટનેસ તરીકે તપાસેલ નથી. ઈજા પામનાર બનાવનું

કારણ તદૃન જુઠુ જણાવે છે. આઈ વીટનેસ મંગાભાઈ નાથાભાઈ બારૈયા તથા બીપીનભાઈ ફરિયાદ પક્ષને મદદ કરતા નથી. રીકવરી ડીસ્કવરી પંચનામા સાબિત થતા નથી. અજાણી વ્યકિત સાથે ઈજા પામનારને ઝઘડો થયેલ હોય તેને પોલીસે પકડેલ નથી, હાલના આરોપી સામે કોઈ ૩૦૭ નો ગુનો બનતો નથી. ફરિયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ઘ્યાને લેતાં, હાલના ગુનાના કામે હાલના આરોપી સંડોવાયેલ હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી અને તે રીતે ફરિયાદ પક્ષ આરોપી વિરુઘ્ઘનો ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે. આરોપી તરફે તેઓની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજૂ કરેલ છે.

૧. ક્રિમિ.લો રીપોર્ટર (ગુજ.) ૮૦૮, ગુજરાત હાઈકોર્ટ, જાહીદ હારુનભાઈ ખોખર અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત.
૨. ૧૯૯૪ ક્રિમિ. લો રીપોર્ટર ૧૨૩૧ (સુપ્રીમ કોર્ટ), ગુરુદયાળ સીગ વિ. સ્ટટ ઓફ પંજાબ.
૩. ૧૯૯૫ ક્રિ.લો.જે ૧૯૪૪ (રાજસ્થાન હાઈકોર્ટ), તેજ સીગ અને બીજા વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન.
૪. ૨૦૧૬(૦) એઆઈજેઈએલ–એચસી ૨૩૬૮૩૯ ગુજરાત હાઈકોર્ટ, સ્ટેટ ઓફ ગુજરાત વિ. કુમરા મુસલેમાન કરીમભાઈ મહોમ્મદભાઈ.

(૧૦) આ કામે ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીની અને આરોપી તરફેની દલીલો ધ્યાને લેતાં, આ કામના આરોપી વિરુધ્ધ આંક–૫ થી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ અન્વયે શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવા સબબ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે ત્યારે, ફરિયાદ પક્ષ આ કામે રજુ થયેલ પુરાવાને આધીન આરોપી વિરુધ્ધનો ગુનો પુરવાર કરે છે કે કેમ, તે માટે, આ કામે ફરિયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક પુરાવાની ચર્ચા કરવી જરૂરી જણાય છે.

**–:<u>મૌખિક પુરાવાની ચર્ચા</u>:–**

**–:<u>ફરિયાદી તથા સાહેદોના પુરાવાની ચર્ચા</u>:–**

(૧૧) ફરિયાદ પક્ષ તરફે આંક–૭ થી સાહેદ નં.૧ તરીકે ફરિયાદી અમીતભાઈ ભરતભાઈ બારૈયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. ફરિયાદી પોતાના પુરાવામાં જણાવે છે કે, તેઓ હીરા ઘસવાનું કામ કરે છે, તેઓ ત્રણ ભાઈઓ છે. સૌથી મોટા ભાઈનુ નામ મુકેશભાઈ છે. તે મોબાઈલ રીપેરીગની દુકાન " પ્રિન્સીસ મોબાઈલ" ના નામથી ફાતિમા સ્કુલ સામે ચલાવે છે. તેની ઉમર આશરે ત્રીસેક વર્ષની છે. તેનાથી નાના ભાઈનુ નામ અશોકભાઈ છે તેને પાનમાવાનો દુકાન છે અને તેઓ સૌથી નાનો છે. તેઓ ત્રણેય ભાઈઓ પત્ની, બહેન અને માતા પિતા સાથે ભેગા રહે છે. સદરહુ સાહેદ વધુમાં જણાવે છે કે બનાવ તા.૨–૧–૨૦૧૬ ના રોજ બનેલો. સવારે સાતથી સાડા સાત વાગ્યાની આસપાસ તેઓ તેમના હીરા ઘસવાના કારખાને ગયેલા અને મુકેશભાઈ

સવારે સાતેક વાગ્યે બાઈક લઈ દુકાને જવા નીકળેલા. ત્યારબાદ સાડા સાતથી આઠ વાગ્યાના અરસામા મગાભાઈ રીક્ષાવાળા કારખાને તેમની પાસે આવેલા અને તેમને કહેલુ કે તારા મુકેશભાઈને ત્રણ જણા તરસમીયા રોડ પર શીતળામાની દેરી પાસે મારે છે. સદરહુ સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તેઓએ તેમના મિત્ર પીન્ટુ ઉર્ફે નીતીનભાઈને તેમની સાથે આવવા કહેલુ અને તેઓએ તેમના કાકા તથા મારા પિતાજીને ફોન કરી ત્રણ જણા મારે છે તેવ જણાવેલુ. ત્યારબાદ તેઓ, તેમના મિત્ર પીન્ટુ ઉર્ફે નીતીનભાઈ અને રીક્ષાવાળા મગાભાઈ તેમના મોટર સાયકલમા શીતળામાની દેરી પાસે પહોચ્યા ત્યારે તેમના ભાઈ મુકેશભાઈને બે જણાએ પકડી રાખેલા હતા અને આરોપી શૈલેષભાઈ તેમના ભાઈને છરીથી તેના શરીર પર આડેધડ મારતા હતા. જે બે જણાએ તેમના ભાઈને પકડેલ તેણે મોઢા ઉપર લુગડા જેવુ બાધેલુ હતુ. તેઓએ બુમ પાડતા બે જણામાથી એક જણાએ મોટર સાયકલ ચાલુ કરેલુ અને બીજો માણસ તની પાછળ બેસી ગયેલો અને બાદ આરોપી શૈલેષભાઈ મગાભાઈ કટારીયા પણ મોટર સાયકલ પર બેસી ગયેલા અને ત્રણેય જણા રીગ રોડ તરફ ભાગી ગયેલા.

સદરહુ સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ મગાભાઈ રીક્ષાવાળાએ ૧૦૮ એમ્બયુલન્સને ફોન કરેલો, તે વખતે તેમના કાકા અને પિતાજી આવી ગયેલા. ત્યારબાદ તેમના ભાઈને એમ્બયુલન્સમા સર ટી. હોસ્પીટલમા લઈ ગયેલા. તેમના ભાઈને જમણા પડખામા, ડાબી છાતીના ઉપરના ભાગે, ડાબા ગાલ પાસે, છાતીના વચ્ચેના ભાગે, બને હાથે, પાછળ બને કુલાના ભાગે, એમ કુલ્લે આશરે બાર તેર છરીના ઘા વાગેલા હતા. તેમના ભાઈને જયારે ઈજા થયેલી ત્યારે તેઓ બેભાન થઈ ગયેલા હતા. અને તેમને તેની સાથે કોઈ વાત થયેલી નહી. સદરહુ સાહેદ વધુમાં

જણાવે છે કે હોસ્પીટલમા તેમના ભાઈને દાખલ કરેલા અને તેની સારવાર કરવામા આવતી હતી અને ઓપરેશન રૂમમા લઈ ગયેલા. થોડીવાર પછી સવારના અગીયાર સાડા અગીયાર વાગ્યે પોલીસ આવતા તઓએ પોલીસને બનાવની માહિતી આપેલી અને ફરીયાદ લખાવેલી. પોલીસે તેમને ફરીયાદ વાચી સભળાવેલી અને તેમના લખાવ્યા મુજબની હોય તેઓએ સહી કરેલી. તે ફરીયાદ બતાવવામા આવતા તેમા તેમની સહી ઓળખી બતાવે છે, જે ફરીયાદ આ કામે આક–૮ થી રજુ છે.

સદરહુ સાહેદ વધુમાં જણાવે છે કે ફરીયાદ લખાવ્યા બાદ બપોરના ત્રણેક વાગ્યે તેઓ પોલીસને બનાવવાળી જગ્યાએ લઈ ગયેલા અને તેઓએ બનાવવાળી જગ્યા બતાવતા પોલીસે તે બનાવવાળી જગ્યાનુ પચનામુ કરેલુ. પોલીસે બનાવવાળી જગ્યાએથી માટી કબ્જે કરેલી તેમજ લોહીના ડાઘા હતા તે માટી પણ કબ્જે કરેલી અને પેક કરી તેમા પચોની સહીઓ લીધેલી. પોલીસે બનાવવાળી જગ્યાનુ ચિત્ર બનાવેલુ. બનાવના દિવસે જ ઓપરેશન થીયેટરમાથી તેમના ભાઈના કપડા તેમને ડોકટરે આપેલા. તે જ દિવસે તે કપડા તેઓએ પોલીસે સાજે આશરે પાચેક વાગ્યે આપેલા. તેમના ભાઈના કપડામા એક કાળા કલરન જાકેટ, એક નાઈટ ડ્રસનુ પેન્ટ, નીકર આપેલા. તેમના ભાઈના બે મોબાઈલ ફોન પણ ડોકટરે તેમને આપેલા જે તેઓએ પોલીસને આપેલા. તેમના ભાઈના કપડા મુદ્દામાલ આર્ટીકલ ન.૪,૫,૬ શીલ ખોલીને બતાવવામા આવતા તે જોઈને તે કપડા તેમના ભાઈના કપડા હોવાન અને જે ડોકટરે તેમને આપેલા અને જે કપડા તેઓએ પોલીસને સોપેલા હોવાન જણાવી જે મુદ્દામાલ કપડા ઓળખી બતાવે છે. સદરહુ સાહેદ વધુમાં જણાવે છે કે તેમના ભાઈના બને ફોન સોની કપનીના હતા જે બને કાળા કલરના હતા. બે ફોનમાથી એક ફોનનુ પાછળનુ કલર લીલા કલરનુ હતુ જે લીલા કલરના કવર ઉપર પણ

છરીના કાપા પડેલા. તેમને મુદ્દામાલ આર્ટીકલ ન.૭,૮ શીલ ખોલીને બતાવવામા આવતા જે બને ફોન તેમના ભાઈના જ હોવાન જણાવી ઓળખી બતાવે છે. તેમને મુદ્દામાલ આર્ટીકલ ન.૧૦ વાળી છરી શીલ ખોલીને બતાવવામા આવતા જે જોઈને આ તે જ છરી છે જેના વડે આરોપી શૈલેષભાઈએ તેમના ભાઈને ઈજાઓ પહોચાડેલી હોવાન જણાવી ઓળખી બતાવે છે.

સદરહુ સાહેદ વધુમાં જણાવે છે કે તેમના ભાઈને ચાર પાચ દિવસ સુધી આઈ.સી.યુ.મા રાખેલા બાદ તેને ભાન આવેલ. તેમના ભાઈને તેમણે બનાવન કારણ પુછેલુ નહિ કારણ કે, તેઓ નાના હોય જેથી તેમના મોટા ભાઈને પુછાય નહી. હાલ પણ તેમને ખબર નથી કે બનાવનુ કારણ શુ હતુ. સાહેદે આરોપી શૈલેષભાઈ મગાભાઈ કટારીયાને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે.

આક–૭ ના ફરિયાદીની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામા આવેલ છે જેમા તેઓ એ હકીકત કબુલ રાખે છે કે કારખાનેથી જતા પહેલા તેમણે તેમના શેઠને કોઈ વાત કરેલી નહિ. તેમના કારખાનથી સામે જ બનાવવાળી જગ્યા હતી. તેઓ કબુલ રાખે છે કે, મગાભાઈએ એવુ જણાવેલુ કે, તમારા ભાઈને ત્રણ અજાણ્યા લોકો મારે છે, તે સિવાય મગાભાઈએ બીજુ કાઈ જણાવેલુ નહિ. અજાણ્યા માણસો બાબતે તેમને મગાભાઈ સાથે કોઈ વાત થયેલી નહિ. તેમના કાકા અને પિતાજી સાથે તેમને તેમના ભાઈને કોણ મારે છે તે બાબતની કોઈ વાત થયેલી નહિ. શૈલેષભાઈ તેમના કારખાના પાસેથી પસાર થતા હોય તેઓ તેને ઓળખે છે. બનાવવાળી જગ્યાએ તેઓ પહોચ્યા ત્યારે તેમના ભાઈ બેભાન પડેલા હતા. બનાવ વખતે તેમણે પોલીસને ફોન કરી જાણ કરેલી નહિ. પોલીસ તેમની પાસે પ્રથમવાર અગીયારેક વાગ્યે આવેલી. દવાખાને તેઓ આશરે

આઠેક વાગ્યે પહોચેલા. એમ્બ્યુલન્સમા કોઈ મેડીકલ ઓફીસરને તેમણે બનાવની હકીકત જણાવેલી નહિ. તેમને મામલતદાર કચેરીમા પોલીસ લઈ ગયેલ હોય તેવુ બનેલ નથી. તેઓ કબુલ રાખે છે કે, ફરિયાદમા તેમણે છરીનુ કોઈ વર્ણન કરેલ નથી. સદર સાહેદને તમે તમારા ભાઈને બચાવવા વચ્ચે પડેલા નથી તે વાત સાચી તેવો સવાલ પુછતા જણાવે છે કે, તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલા ત્યારે તેઓ બનાવવાળી જગ્યાએથી થોડા દુર હતા અને તેમણે બૂમ પાડી બાદ ત્રણે જણા ભાગી ગયેલા જેથી તેઓ ભાઈને બચાવવા વચ્ચે પડેલ નહિ. તેમનો ભાઈ ગાયત્રીબેનની બાબતે કાઈ ઝઘડો કરવા ગયેલ હોય કે કેમ તેની તેમને ખબર નથી. બનાવના ચાર પાચ દિવસ પછી તેમને તેમના ભાઈ સાથે વાતચીત થયેલી.

(૧૨) ફરિયાદ પક્ષ તરફે આંક–૧૩ થી સાહેદ નં.ર તરીકે મુકેશભાઈ ભરતભાઈ બારૈયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદ પોતાના પુરાવામાં જણાવે છે કે, તેઓ ત્રણ ભાઈઓ છે. તેઓ સૌથી મોટો છે અને મોબાઈલ રીપેરીગનુ કામ ભાવનગર શહેરમા ઘોઘા રોડ પર એક દુકાનમા કરૂ છુ. તેમનાથી નાનો ભાઈ અશોક તેઓના ઘરમા પાનની દુકાન ચલાવે છે. નાનો ભાઈ અમીત હીરા ઘસવાનુ કામ કરે છે. તેમના પપ્પા ખેતીકામ કરે છે અને તેઓ બધા માલણકા ગામે સયુકત કુટુબમા રહે છે. બનાવ તા.ર–૧–ર૦૧૬ ના રોજ બનેલો. તે દિવસે તેઓ સવારે સાત સાડા સાત વાગે માલણકાથી ભાવનગર તેમની દુકાને જવા નીકળેલા અને તેઓ મોટર સાયકલ ઉપર જતા હતા ત્યારે ભાવનગરમા ખારસી વિસ્તારમા પહોચતા શૈલેષભાઈ મગાભાઈ કટારીયાએ તેઓને રસ્તા વચ્ચે રોકી કહેલ કે તને શેની હવા છે ? અને કહેલુ કે તે મોબાઈલ

કેમ ઉધારમા આપ્યો નહી ? ત મને ઓળખતો નથી ? પછી તેઓને મોટર સાયકલ સાઈડ લઈ શીતળા માતાની દેરીની પાછળ લેવાનુ કહેલુ. ત્યારબાદ તેઓને તેની મોટર સાયકલ પાછળ બેસી જવાનુ કહેલુ પરતુ તેઓએ ના પાડેલી. ત્યારબાદ આરોપી શૈલેષભાઈએ કમરના ભાગમાથી છરી કાઢલી અને તેમને જમણી બાજુ ખડખાના ભાગે છરી મારેલી. તેઓએ ભાગવાની કોશિષ કરતા તેની સાથે બીજા બે માણસો હતા તેમણે તેમને પકડી લીધેલો. શૈલેષે ત્યારબાદ તેઓને આડેધડ શરીર પર છરીના ઘા મારેલા. તેઓને મોઢા ના ભાગે, છાતીના ભાગ, સાથળના ભાગે, પાછળ કુલાના ભાગે છરીના ઘા મારેલા. પછી તેઓ જમીન પર પડી ગયેલા. આરોપી શૈલેષભાઈ અને તેની સાથેના બે જણા મોટર સાયકલ પર ભાગી ગયેલા. સદરહુ સાહેદ વધુમાં જણાવે છે કે તેઓ જમીન પર પડયા તે વખતે તેઓનો ભાઈ અમીત આવી ગયેલો. અમીતની સાથે મગાભાઈ અને પીન્ટુ પણ આવેલ અને તેઓને ૧૦૮ એમ્બયુલન્સમા દવાખાને લઈ ગયેલા. દવાખાને તેઓને કોણ લઈ ગયેલુ તે તેઓને ખબર નથી કારણ કે તેઓને ઈજા થયેલ હોય અને પડી ગયેલ પછી બેભાન થઈ ગયેલ.

સદરહુ સાહેદ વધુમાં જણાવે છે કે તા.૩૧–૧૨–૨૦૧૫ ના રોજ શૈલેષભાઈ તેમની દુકાને આવેલ અને ફોન બતાવવાનુ કહેલુ. તેઓએ શૈલેષભાઈને આશરે સાડા સાત હજારની કિમતના આશરે ચાર પાચ ફોન બતાવેલા. શૈલેષભાઈએ તેમાથી એક ફોન સીલેકટ કરેલો. તેઓએ ઉધારમા ફોન આપવાનુ કહતા તેઓએ ઉધારમા ફોન આપવાની ના પાડેલી. આરોપી શૈલેષભાઈ તે વખતે તેમના પર ગુસ્સો કરવા લાગેલા અને કહેલ કે ત મને ઓળખતો નથી ? હુ તારા પૈસા મુકીને ભાગી જવાનો છુ ? તેઓએ તેને ના પાડેલી કે હુ બાકીમા ધધો કરતો નથી. શૈલેષભાઈ તે

વખતે તેમને ગાળો દેવા લાગેલા અને તે વખતે દારૂ પીધેલા હતા. ત્યારે આરોપી શૈલેષભાઈએ જતા જતા તેમને કહેલુ કે ત પછી મને મળજે. તેમણે તેઓને કહેલ કે હ તને પછી મળીશ. તેઓને તે વખતે ખબર પડેલી નહી કે શૈલેષભાઈએ કેમ પછી મળવા કહેલુ. બનાવનુ કારણ એ છે કે તેઓએ આરોપી શૈલેષભાઈને ઉધારમા મોબાઈલ ફોન ન આપતા તેની દાઝ રાખીને તેઓના ઉપર છરીના ઘા કરેલા ત્યારે તેઓને આરોપી શૈલેષભાઈ કહેતા હતા કે મે અગાઉ બે ત્રણ જણાને છરી મારી છે ત મારૂ કાઈ કરી નહી લ્યે. તેઓને કહેલ કે મારા કાકા અને પપ્પા બને પોલીસમા છે ત મારૂ કાઈ કરી નહી શકે. તેઓને છરી મારી ત્યારે પણ આરોપી શૈલેષભાઈ પીધેલી હાલતમા હતા. છરી આશરે  આઠેક ઈચ લાબી હતી. છરી જો તેમને બતાવવામા આવે તો તેઓ ઓળખી શકે. તેમને મુદ્દામાલ આર્ટીકલ ન.૧૦ વાળી છરી બતાવવામા આવતા તે જોઈને આ જ છરી હતી જેનાથી આરોપી શૈલેષભાઈએ તેમને ઈજા પહોચાડેલી.

સદરહુ સાહેદ વધુમાં જણાવે છે કે તેઓએ બનાવ વખતે જાકીટ, ભુરા કલરનુ રાત્રે પહેરવા જેવુ પેન્ટ પહરેલુ. તેમને મુદ્દામાલ આર્ટીકલ ન.૪ વાળુ જાકીટ, આર્ટીકલ ન.૫ વાળુ પેન્ટ બતાવવામા આવતા જે જોઈને તે જ કપડા છે જે તેઓએ બનાવ વખતે પહેરેલા હતા અને બનાવ વખતે શર્ટ પહેરેલો નહી કારણ કે જાકીટ જ એકલુ પહેરી શકાય તેવુ હોવાન જણાવી ઓળખી બતાવે છે. સાહેદે આરોપીને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. પોલીસે તેમની પુછપરછ કરેલી. તેમને ૩૨ દિવસ સર ટી. હોસ્પીટલમા દાખલ રાખેલા. તેઓ ભાનમા ન હોય ડોકટરે તેમની સારવાર કરતી વખતે તેમને પુછેલ કે કેમ તે હાલે યાદ નથી. પોલીસ તેમને કોઈ જગ્યાએ લઈ ગયેલ નહિ. શેલેષભાઈ ખારસી વિસ્તારમા રહે છે અને

તેઓ તે રસ્તે થઈ દુકાને જાય છે જેથી તેઓ તેને જોયેથી અને નામથી પણ ઓળખે છે.

આક–૧૩ ના સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરેલ છે જેમા તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, પોલીસે તેમનો જવાબ લખેલો તે તેમણે વાચેલો નહિ. પોલીસે જવાબમા શુ લખેલ છે તે તેમને ખબર નથી. તા.૩૧/૧૨/૧૫ ના બનાવની તેમણે કોઈ જાણ પોલીસને કરેલ નથી. તેમના ઘરમા તેમણે કોઈને વાત કરેલી નહિ. તા.૩૧/૧૨/૧૫ ની હકીકત આજરોજ પ્રથમ વખત અદાલતમા જાહેર કરે છે. હાલના બનાવ પહેલા તેમણે શૈલેષભાઈ વિરુધ્ધ કોઈ ફરિયાદ કરેલ નથી. તેઓ બનાવના ચાર પાચ દિવસ બાદ ભાનમા આવેલા. તેઓ ગાયત્રીબેનને ઓળખે છે. તેઓ અને ગાયત્રીબેન તા.૧/૧/૧૬ ના રોજ ગગાજળીયા તળાવમા આવેલ એલ.આઈ.સી.ની ઓફીસની સામેના ખાચામા ઉભા હતા તેવુ બનેલ નથી. તે વખતે શૈલેષભાઈ અને તેના મિત્રો મળ્યા હોય અને તેમને પછી મળીશુ તેવુ તેમને કીધેલુ નહિ. તેમને શૈલેષભાઈ સાથે અગાઉ કાંઈ પરિચય હોય તેવુ બનેલ નથી. ગાયત્રીબેને તેમને ફોન કરીને બોલાવેલ હોય તેવુ બનેલ નથી. તેમને મામલતદાર કચેરીમા પોલીસ લઈ ગયેલ નથી કે તેમની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. શૈલેષભાઈ અને ગાયત્રીબેનને પરિચય છે કે કેમ તેની તેમને ખબર નથી. તેમનો ભાઈ બનાવ વખતે આવેલો તેટલી તેમને ખબર છે. કોઈકે રાડ નાખેલી અને આરોપી ભાગી ગયેલ. તેમના ભાઈની રાડ તેમણે સાભળેલી નહિ. કેટલા માણસો ભેગા થઈ ગયેલા તે તેમને ખબર નથી કારણકે તેઓ ભાન ગુમાવી બેઠેલા. તેમના ભાઈ સાથે મગાભાઈ આવેલા તેટલી ખબર છે, બીજી કાઈ ખબર નથી. તેમનો ભાઈ તેમનાથી વીસેક ફુટ દુર હશે. તેઓ કબુલ રાખે છે કે, તેઓ મોબાઈલનો ધધો કરતા હોય ઘણી વખત ગ્રાહક સાથે લેતીદેતી બાબતે માથાકુટ થાય.

શૈલેષભાઈ બાબતની કોઈ વાત તેમને ગાયત્રીબેને કરેલી નથી. શૈલેષભાઈ ગાયત્રીબેનને રસ્તામા હેરાન કરતા હોય કે ત્રાસ આપતા હોય તેવી કોઈ વાત તેમને કરેલી નહિ. ફરિયાદ બાબતે તેમના ભાઈ સાથે તેમને કોઈ વાત થયેલી નહિ. બનાવના દસેક દિવસ બાદ મામલતદાર તેમની પાસે આવેલા. મામલતદારે તેમની પુછપરછ કરેલી. મામલતદારશ્રીએ શુ લખેલુ તે તેમણે વાચેલુ નહિ.

શૈલેષભાઈ જામીન પર છુટયા બાદ તેમની દુકાને આવેલા અને બીજા લોકો સાભળે તે રીતે તેમની દકાન સામે પદરેક ફુટ દુરથી બોલતા હતા કે આને પતાવી દેવો છે. ત્યારબાદ ત્રણ ચાર વખત તેમની બાજુમા મોટરસાઈકલ લાવી અને તેમને ધમકાવતા હતા. તેમણે પોલીસ ફરિયાદ કરેલ નથી કારણકે આરોપી પાછો છુટી તેમને વધુ હેરાન કરે. જામીન પર છુટયા બાદ તેમના ઘર પાસે પણ આરોપી આવતો અન તેમને કાતર મારતો જતો. સમાધાન નહી કરો તો તમારા ત્રણ ભાઈમાથી એકાદને મારી નાખીશ તેવી ધમકી આપતો. તેમને ચાર પાચ જણા સાથે રાખવા પડે છે અને તેઓ એકલા હરી ફરી શકતા નથી. તેઓએ સ્વેચ્છાએ તા.૬/૯/૧૬ નો જાહેર માહિતી અધિકારી, પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, ભાવનગરનો પત્ર તથા તેની સાથે તા.૨૭/૪/૧૬ નો પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી ગાવીતનો પત્ર અને તા.૧૯/૪/૧૬ ની સાહેદની પોતાની અરજી પોતાની ફરીયાદ અદાલતમાં રજુ કરેલ છે. જે અનુક્રમે આંક–૧૪,૧૫ અને ૧૬ થી રજુ છે.

(૧૩) ફરિયાદ પક્ષ તરફે આંક–૧૭ થી સાહેદ નં.૩ તરીકે સાહેદ મંગાભાઈ નાથાભાઈ બારૈયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.

સદરહુ સાહેદ પોતાના પુરાવામાં જણાવે છે કે, તેઓ માલણકાથી ભાવનગર જકાત નાકા સુધી પેસેન્જર રીક્ષા નં.જીજે–૪/એકસ–૫૩૧ ની ચલાવે છે. બનાવ કઈ તારીખે બનેલો તે તારીખ ચોકકસ હાલ યાદ નથી પરંતુ આજથી પાંચ છ મહિના પહેલા બનેલો. બનાવના દિવસે તેઓ સવારે સાડા સાત આઠની આસપાસ તેમની રીક્ષા લઈને ભાવનગર જતા હતા ત્યારે તેઓએ શીતળામાની દેરીની પાછળ ખેતરમાં ૧૦૮ એમ્બ્યુલન્સ ઉભી હતી તેમાં મુકેશભાઈ ભરતભાઈ બારૈયાને ચડાવતા દૂરથી જોયેલા. મુકેશભાઈને એમ્બ્યુલન્સમાં કોણ ચડાવતુ હતું તે તેમને ખબર નથી. બનાવ કેવી રીતે બનેલો તેની તેમને ખબર નથી. એવુ બનેલ નથી કે તા.૨/૧/૨૦૧૬ ના રોજ શીતળામાની દેરી પાસે મુકેશભાઈ ભરતભાઈ બારૈયાને શૈલેષ મંગાભાઈ કંટારીયા નામના વ્યકિતએ આડેધડ છરીના ઘા મારેલા હોય. તેમણે મુકેશભાઈના ભાઈ અમીતભાઈને તેમના હીરાના કારખાને જઈ અને જાણ કરેલી અને તેઓ બધા પરત બનાવવાળી જગ્યાએ ગયેલા અને બનાવ જોયેલાનો ઈન્કાર કરતા વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે, પરતુ તેમાથી પણ ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેવી કોઈ હકીકત મળી આવતી નથી.

આક–૧૭ ના સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરેલ છે જેમા તેઓ જણાવે છે કે બનાવ બાબતે તેમને મુકેશભાઈ કે અમીતભાઈ સાથે કોઈ વાતચીત થયેલ નથી.

(૧૪) ફરિયાદ પક્ષ તરફે આંક–૧૮ થી સાહેદ નં.૧૮ તરીકે નીતીનભાઈ શીવાભાઈ બારૈયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદ પોતાના પુરાવામાં જણાવે છે કે, તેઓ ખારસી વિસ્તારમાં આવેલ ભરતભાઈ બારૈયાના કારખાને હીરા ઘસવાનું કામ કરે છે. બનાવ કઈ તારીખે અને કેટલા સમય પહેલા બનેલો તે યાદ નથી. તેઓ બનાવ અંગે કાંઈ જાણતા નથી. તેઓ મંગાભાઈ નાથાભાઈ બારૈયાને તેમના ગામના હોય ઓળખે છે, જેઓ રીક્ષા ચલાવે છે. તેઓ અમીતભાઈ બારૈયાને ઓળખે છે જેઓ તેમની સાથે હીરા ઘસવાનું કામ કરે છે. અમીતભાઈના ભાઈનું નામ મુકેશભાઈ અને અશોકભાઈ છે. કોઈ ઈસમે તેમની પાસે આવીને બનાવ અંગે જાણ કરેલ હોય અને ત્યારબાદ તેઓ બનાવ સ્થળે ગયેલ હોય અને બનાવ તેમણે જોયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરતા વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે, પરતુ તેમાથી પણ ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેવી કોઈ હકીકત મળી આવતી નથી.

આક–૧૮ ના સાહેદ બચાવ પક્ષની ઉલટ તપાસમા કબુલ રાખે છે કે, તેમના કહેવા પ્રમાણે પોલીસે તેમનુ નામ સરનામુ પુછેલ અને સહી કરાવેલ, તે સિવાય તેમણે બીજુ કાઈ લખાવેલ નથી. અમીતભાઈ સાથે બનાવ અગે તેમને વાતચીત થયેલ હોય તેવુ બનેલ નથી. બનાવ અગે તેમને બીજી કોઈ માહિતી નથી.

(૧૫) ફરિયાદ પક્ષ તરફે આંક–૧૯ થી સાહેદ નં.૫ તરીકે જેન્તીભાઈ રાણાભાઈ બારૈયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.

સદરહુ સાહેદ પોતાના પુરાવામાં જણાવે છે કે, તેમના ભત્રીજાનુ નામ અમીતભાઈ અને મુકેશભાઈ છે. બનાવ જાન્યુઆરી મહીનામા બનેલો. બનાવના દિવસે સવારે તેઓ તેમના ઘરે હતા ત્યારે તેમના ભત્રીજા અમીતે ફોન કરી તેમને એવુ કહેલુ કે મુકેશને ખારસી વિસ્તારમા શીતળા માતાના મદિર પાસે મારે છે. જેથી તરત જ તેઓ બનાવવાળી જગ્યાએ પહોચેલા. આ વખતે ભરતભાઈ પણ તેમની સાથે આવી ગયેલા. ત્યા તેઓએ જોયુ તો તેમના ભત્રીજા મુકેશને મારીને ભાગેલા. તેન નામ તેમને આવડતુ નથી. મુકેશભાઈને છરીના ઘા પડખાના ભાગે, સાથળના ભાગે, છાતીના ભાગે, બને હાથે ઘા કરવામા આવેલા હતા. મુકેશભાઈની સ્થિતિ લોહીલુહાણ હતી અને બેભાન પડેલા હતા. ત્યારબાદ તેમના ભત્રીજા અમીત, પીન્ટુભાઈ જીવાભાઈ અને મગા નાથાએ ૧૦૮ એમ્બયુલન્સ બોલાવેલ અને મુકેશભાઈને સારવાર માટે સરકારી દવાખાને લઈ ગયેલા. તેઓ પણ દવાખાને સાથે ગયેલો.

આક–૧૯ ના સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરેલ છે જેમા તેઓ કબુલ રાખે છે કે, કોની સાથે ઝઘડો થયેલો અને કોણ હુમલો કરનાર હતો તે અગે તેમને કોઈની સાથે ચર્ચા થયેલ નથી. ફરિયાદી અને ઈજા પામનાર તેમના સગા થાય છે એટલે કે ભત્રીજા છે.

(૧૬) ફરિયાદ પક્ષ તરફે આંક–૨૦ થી સાહેદ નં.૬ તરીકે ભરતભાઈ રાણાભાઈ બારૈયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદ પોતાના પુરાવામાં જણાવે છે કે, તેઓને સતાનમા ત્રણ દિકરા છે જેમા સૌથી મોટો મુકેશભાઈ છે, તેનાથી નાનો અશોકભાઈ છે અને તેનાથી નાનો અમીતભાઈ છે. બનાવ તા.૨–૧–૨૦૧૬ ના રોજ બનેલો. બનાવના દિવસે સવારે આશરે સાત સાડા સાતના સુમારે તેમના

દિકરા અમીતનો તેમના ઉપર ફોન આવેલ અને કહેલુ કે તરસમીયા રોડ શીતળા માતાની દેરી પાછળ મુકેશની સાથે કોઈક ઝગડો કરે છે અને મારે છે જેથી તાત્કાલિક આવો. ત્યારબાદ તેઓ બનાવવાળી જગ્યાએ પહોચલા. તે પહેલા તેમનો ભાઈ જેન્તી પણ ત્યા આવી ગયેલ અને જોયુ તો તેમના દિકરા મુકેશને છરીના ઘા શરીર ઉપર મારેલા હતા. તેમા છાતીમા, પેટમા તેર થી ચૌદ ઘા મારેલા હતા અને તે ત્યા પડેલો હતો. ત્યા પીન્ટુભાઈ અને તેઓના ગામના રીક્ષાવાળા મગાભાઈ હાજર હતા તથા તેમનો છોકરો અમીત પણ ત્યા હતો. આ મગાભાઈ રીક્ષાવાળાએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા ૧૦૮ એમ્બયુલન્સ આવી ગયેલ અને મુકેશભાઈને તેમા સરકારી દવાખાને લઈ ગયેલા. જયા તેની સારવાર ચાલુ કરેલી અને હાલત ગભીર હતી. સરકારી દવાખાને પદરથી સતર દિવસ સુધી મુકેશભાઈને સારવાર માટે રાખેલ. ત્યારબાદ તેની તબિયત સારી થતા બે ત્રણ મહીના પછી તેઓ તેને ટીફીન દેવા ગયેલા ત્યારે તેઓએ તેને પુછેલ કે આ તારે ઝગડો કઈ બાબતે થયેલો જેથી તેણે તેમને કહેલુ કે આરોપી શૈલેષભાઈ મગાભાઈ કટારીયાને ઉધાર મોબાઈલ તેણે ન આપ્યો તે કારણે શૈલેષભાઈ મગાભાઈએ તેને છરીના ઘા મારેલા હતા. આ બાબતે તેઓએ કોઈને પછી વાત કરેલી નથી. સાહેદ આરોપી શૈલેષભાઈ મગાભાઈ કટારીયાને અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

આક–૨૦ ના સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરેલ છે જેમા તેઓ કબુલ રાખે છે કે, તેમને અમીતભાઈ સાથે બનાવ સ્થળે બીજી કોઈ વાતચીત થયેલી નહિ. મારના વ્યકિત કોણ હતા તે અગે અમીતભાઈ સાથે તે વખતે તેમને ચર્ચા થયેલ નથી. તેઓ તેમના દીકરા મુકેશભાઈની સાથે હોસ્પીટલમા આશરે સાત આઠ દિવસ કહેલા અને બાકીના દિવસોમા તેમના છોકરાઓ રહેતા હતા. આ સાત આઠ દિવસ દરમ્યાન તેમણે

મુકેશને મારનાર અગે સવાલ પુછેલ નહિ અને તેણે મારનારનુ નામ સામેથી આપેલ નહિ. તેમના છોકરાએ બનાવનુ કારણ તેમને કહયુ ત્યાર પછી તેમણે આ કારણ અગે પોલીસમા જણાવેલ નથી. પોલીસે પ્રથમ તેમનુ નિવેદન લીધુ ત્યા સુધી મારનાર કોણ હતા તેની તેમને ખબર ન હતી. તેઓ પોલીસમા શૈલેષભાઈ મગાભાઈએ છરીના ઘા મારેલ છે તેવુ લખાવવા ગયલ નથી. તેઓ કબુલ રાખે છે કે, અમીતે ફોનમા તેમને એવુ કહેલુ કે ત્રણ વ્યકિત મુકેશ સાથે ઝઘડો કરે છે. આ ત્રણ વ્યકિતના નામ અમીતે તેમને તે વખતે આપેલ નથી. તેઓ ગાયત્રીબેનને ઓળખે છે. એ વાતનો તેમને ખ્યાલ નથી કે ગાયત્રીબેન અને તેમના દીકરા મુકેશને સબધ હતા કે કેમ. પોલોસમા તેમણે મોબાઈલ નહિ આપતા તેમના દીકરાને મારેલ તે હકીકત લખાવેલ નથી.

(૧૭) ફરિયાદ પક્ષ તરફે આંક–૫૫ થી સાહેદ નં.૧૮ તરીકે રમેશચંદ્ર ચંદ્રકાંતભાઈ પંડયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદ પોતાના પુરાવામાં જણાવે છે કે, તા.ર–૧–ર૦૧૬ ના રોજ તેઓ ફોરેન્સીક સાયન્સ મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વેનમા ફરજ પર હતા ત્યારે ગુના ભરતનગર ગુ.ર.ન.૧/૧૬ નો ભાવનગર પોલીસ કન્ટ્રોલ મેસેજ મળતા તા.ર–૧–૧૬ ના રોજ ૧૮.૦૦ કલાકે તપાસ અધિકારી સાથે સ્થળ મુલાકાત કરતા તપાસ અધિકારી પી.આઈ.શ્રી જી.બી.બાભણીયાએ ફરીયાદીની ફરીયાદ હકીકત જણાવેલી. તેઓઅ સ્થળ અવલોકન કરતા તપાસ અધિકારીશ્રીએ બતાવેલ ખુલ્લી જગ્યામા વચ્ચેના ભાગમા એક રૂધિરનુ ધાબુ જણાયેલ હતુ તેમજ તપાસનિશ અધિકારીશ્રીને લીધેલ (૧) બનાવવાળી સ્થળ પરની રૂધિરવાળી માટી (ર) સ્થળ પરથી બાજુમાથી લીધેલ કન્ટ્રોલ માટી તથા (૩) ઈજા

પામનારના કપડા તેમજ બ્લડ સેમ્પલ તપાસ અર્થે ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી જુનાગઢ ખાતે મોકલવા સુચન કરેલ. ઉપરના તમામ નમુનાઓ ગૃપ માટે તેમજ ઈજા પામનારના કપડામા કયાય શાર્પ કટીગના કાપાઓ છે કે કેમ ? જો હા તો કેવા હથીયારથી થઈ શકે ? તે અગે તપાસનિશ અધિકારીને જણાવેલુ. તેમજ જયારે આરોપીઓ પકડાય ત્યારે તેમના કપડા તેમજ બ્લડ સેમ્પલ અને ગુન્હામા વપરાયેલ હથીયાર જે વધુ તપાસ અર્થે ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, જુનાગઢ ખાતે મોકલવા સુચન કરેલ. તેમની તપાસના સદર્ભે તેમના હસ્તાક્ષરમા રિપોર્ટ તૈયાર કરેલો. તેમા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે રીપોર્ટ આક–૫૬ થી રજુ છે.

આક–૫૫ ના સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરેલ છે જેમા તેઓ કબુલ રાખે છે કે, તેમણે બનાવની જગ્યાના ફોટોગ્રાફસ લીધેલ નથી. તપાસ શરુ કર્યાનો સમય આક ૫૬ મા લખેલ છે તેમા સમયમા ચેકચાક થયેલ છે અને ત્યા તેમની ટુકી સહી નથી.

## –: તબીબી પુરાવાની ચર્ચાઃ–

(૧૮) ફરિયાદ પક્ષ તરફે આક–૪૮ થી સાહેદ ન.૧૬ તરીકે ડો.મનીષાબેન દીનુભાઈ નાયકને સોગદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામા એવુ જણાવે છે કે, તા.૨–૧–૨૦૧૬ ના રોજ તેઓ સર ટી. હોસ્પીટલમા મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે દર્દી મુકેશભાઈ ભરતભાઈ બારૈયા, ઉ.વ.૩૦ નાઓને તેમના કાકા જેન્તીભાઈ રાણાભાઈ પોલીસ યાદી વિના સવારે ૮.૨૦ કલાકે હોસ્પીટલમા લઈ આવેલા. જેમનો કેસ ન.૧૨૬૮ હતો અને આ પેશન્ટને

તા.૧–૨–૨૦૧૬ ના રોજ ડીસ્ચાર્જ કરેલ. આ દર્દીએ પોતાની હીસ્ટ્રીમા જણાવેલ કે "તેઓને શૈલેષભાઈ કટારીયાએ તે જ દિવસે મારી પાસે આવેલ તેના અડધા કલાક પહેલા ઘોઘા રોડ ઉપર, શીતળા માની દેરી પાછળ છરી મારી હુમલો કરેલ છે". તેઓને છાતી, પેટ, તેમજ જમણી સાથળ પર ઈજા થયેલી છે.

સદરહુ સાહેદ વધુમાં જણાવે છે કે દર્દીને તપાસતા સપૂર્ણ સભાન અવસ્થામા હતા અને તેઓના વ્હાઈટલ્સ નોર્મલ હતા. દર્દીને તપાસતા છાતીમા જમણી બાજુએ ૨.૫ × ૧ સે.મી. ભોકાયેલો ઉડો ઘા છાતીના પોલાણ સુધી હતો. તેમજ પીઠની જમણી બાજુએ ૨ × ૨ સે.મી.પેટના પોલાણ સુધીનો ઉડો ભોકાયેલ ઘા માલુમ પડેલ તેમજ તે ઘામાથી આતરડુ બહાર જોવા મળેલ. ડાબી બાજુ ખભા પર ૧×૦.૫ ×૧ સે.મી.કપાયેલો ઘા જોવા મળેલ તેમજ ડાબી બાજુ છાતીના ભાગે ૨ × ૧ × છાતીના નીચેના પોલાણસુધી ભોકાયેલો ઘા જોવા મળેલ. ડાબી બાજુ છાતીના ઉપરના ભાગે ૨ × ૧ સે.મી.× છાતીના પોલાણ સુધીનો ભોકાયેલો ઘા જોવા મળેલ તેમજ ડાબી સાથળ પર ઉપરના ભાગે ૧ × ૦.૫ × ૧ સે.મી. ભોકાયેલ ઘા જોવા મળેલ. ડાબી સાથળ પર ઉપરના ભાગે ૧ × ૦.૫ × ૦.૫ સે.મી. કપાયેલો ઘા ઉપરના આગળના ભાગે જોવા મળેલ તેમજ ડાબી સાથળ પર ઉપરના પાછળના ભાગે ૩ × ૧ સે.મી. × ભોકાયેલો પોલાણ સુધીનો ઘા જોવા મળેલ. જમણી સાથળ પર ઉપરના અદરના ભાગે ૧.૫ × ૧ × ભોકાયેલો ઉડો ઘા અદરની બાજુ જોવા મળેલ તેમજ જમણી સાથળ પર પાછળના ભાગે ૩ × ૧ × ભોકાયેલો ઉડો ઘા જોવા મળેલ. ડાબા હાથ ઉપર નીચેના ભાગે ૪ × ૧ સ્નાયુ સુધી કપાયેલો ઘા જોવા મળેલ તેમજ ડાબા ગાલ પર ૧ × ૦.૫ × ૧ સે.મી.કપાયેલો ઘા જોવા મળેલ.

ઉપરની બધી જ ઈજાઓ લાલ કલરની તેમજ બને ખુણા તીક્ષ્ણ હતા. એક ધાર તીક્ષ્ણ તેમજ બીજી ધાર ઓછી તીક્ષ્ણ હતી. દર્દીને સીટી સ્કેન રીપોર્ટમા ૮ નબરની પાસળીનુ ફ્રેકચર આવેલ તેમજ જમણુ ફેફસુ સકોચાઈ ગયેલ તેમજ ફેફસાની ફરતે પાણી ભરાય ગયેલ. લીવરમા લોહી ગઠાઈ ગયેલુ જોવા મળેલ. તેમના અભિપ્રાય મુજબ આ ઈજા તીક્ષ્ણ ધારવાળા હથીયારથી થઈ શકે. આ ઈજાઓ ગભીર પ્રકારની હતી અને જો સમયસર સારવાર ન મળે તો દર્દીનુ મૃત્યુ પણ થઈ શકે તેમ હતુ. સદરહુ સાહેદ વધુમાં જણાવે છે કે તેમને મુદ્દામાલ આર્ટીકલ ન.૧૦ બતાવવામા આવતા આ હથીયારથી સર્ટિફીકેટમા બતાવ્યા મુજબની ઈજાઓ થઈ શકે તેમ જણાવેલ છે. આ દર્દી પરત્વે એમ.એલ.સી. સર્ટિફીકેટ ઈસ્યુ કરેલ તે તેમના હસ્તાક્ષર છે અને તેમની સહીઓ છે જે તેઓ ઓળખી બતાવે છે. જે આક–૪૯ થી રજુ છે. આ તબીબી અધિકારીની જુબાની દરમ્યાન આક ૫૦ થી આ દર્દીના સદર્ભે સર્જરી વિભાગના સર્જનના હસ્તાક્ષરમા કેસ પેપર્સ ટ્રીટમેન્ટ તથા આક ૫૧ થી આ દર્દી પરત્વે સીટી સ્કેન અગેનો રીપોર્ટ રજુ થયેલ છે.

આક–૪૮ ના તબીબી અધિકારીની બચાવ પક્ષ તરફથી ઉલટ તપાસ કરવામા આવેલ છે જેમા તેઓ એ હકીકત કબુલ રાખે છે કે પેશન્ટ સપુર્ણ ભાનમા હતા અને આ મેડીકોલીગલ કેસ હતો. તેમના રેકર્ડમા ૧૦૮ મા પેશન્ટને લાવેલ કે કેમ તેની નોધ નથી તેથી તેઓ ચોકકસ કહી શકે નહિ કે તેમને ૧૦૮ મા લાવેલ કે કેમ ? ૧૦૮ મા પેશન્ટ લાવે ત્યારે રીસીવ્ડમા હોસ્પીટલ તરફથી સહી અપાતી હોય છે. તેઓ કબુલ રાખે છે કે, હિસ્ટ્રીમા પેશન્ટને કયા કારણોસર બનાવ બનેલ તે કારણ દર્શાવેલ નથી. તેઓ કબુલ રાખે છે કે, શૈલેષભાઈ કટારીયાના દેખાવ તેમજ ઉમર અગે અને તેના સરનામ અગે કોઈ હકીકત પેશન્ટને

તેમની રુબરુ જણાવેલ નથી. તેમણે આ પેશન્ટની ઓપીડી સારવાર કરેલી છે, ત્યારબાદ દવાખાનાના અન્ય સર્જને સારવાર કરેલી છે. તેઓ કબુલ રાખે છે કે, પેશન્ટને સમયસર સારવાર મળી જાય તો મૃત્યુ સભવી ન શકે. આક ૪૯ ના સર્ટીફીકેટમા આ ઈજાઓ ગભીર પ્રકારની છે તેવુ તેમણે સ્પષ્ટ લખેલ નથી. તેઓ ચોકકસ કહી શકે નહિ કે તેમને જે હથિયાર બતાવવામા આવ્યુ તે જ હથિયારથી આ ઈજા થયેલ છે કે કેમ. તેઓ કબુલ રાખે છે કે ઈજાની દિશા જણાવેલ નથી. ઈજા ન.૩, ૮, ૧૨ સાદી ઈજાઓ છે.

(૧૯) ફરિયાદ પક્ષ તરફે આક–૬૨ થી સાહેદ ન.૨૦ તરીકે ડો.લલીતાબેન શાતીલાલ ગલીયલને સોગદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામા એવુ જણાવે છે કે, તા. ૯.૧.૧૬ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર રાત્રીના ૮.૨૦ કલાકે તાત્કાલિક સારવાર કેન્દ્ર ખાતે હાજર હતા ત્યારે ભરતનગર પોલીસ સ્ટેશન તરફથી યાદી સાથે લાવેલ મુકેશભાઈ ભરતભાઈ બારૈયાનુ બ્લડ સેમ્પલ તેઓએ એસ.આઈ.સી.યુ. વોર્ડમા જઈને લીધેલુ. ઈ.ડી.ટી.એ. અને પ્લેન બલ્બમા બ્લડ સેમ્પલ લઈને લેબલ કરીને શીલબધ હાલતમા, આવેલ પોલીસ વાળાને એફ.એસ.એલ. જુનાગઢ તરફ વધુ તપાસ માટે ફોરર્વડીગ લેટર સાથે સોપેલ. આ અગે તેમના હસ્તાક્ષરમા સર્ટીફીકેટ આપેલ તેમા તેમની સહી તેઓ ઓળખી બતાવે છે. જે આક–૬૩ થી રજુ છે. બ્લડ સેમ્પલ લેવા માટે પી.આઈ. ભરતનગર તરફથી થયેલ યાદીમા મળ્યા અગેની તેઓએ તારીખ અને સમય નાખીને સહી કરેલી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે આક–૬૪ થી રજુ છે.

આક ૬૨ ના સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામા આવેલ છે. જેમા તેઓ કબુલ રાખે છે કે, બ્લડ કેટલા શીશી કલેકટ કરેલ તેનો ઉલ્લેખ સર્ટીફીકેટમા થયેલ નથી. પેશન્ટની ખરાઈ કરવાના સદર્ભે કોઈ નીશાની સર્ટીફીકેટમા દર્શાવેલ નથી. શીલ અગેની કામગીરી તેમના કર્મચારીએ કરેલી.

(૨૦) ફરિયાદ પક્ષ તરફે આક–૬૫ થી સાહેદ ન.૨૧ તરીકે ડો.નયનાબેન મધકર ગાયકવાડને સોગદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામા એવુ જણાવે છે કે, તા. ૭.૧.૧૬ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર બપોરના ૧૨.૩૦ કલાકે તાત્કાલિક સારવાર કેન્દ્ર ખાતે હાજર હતા ત્યારે ભરતનગર પોલીસ સ્ટેશનની યાદી સાથે આરોપી શૈલેષભાઈ મગાભાઈભાઈ કટારીયાને લાવતા તેનુ બ્લડ સેમ્પલ તેઓએ લીધેલુ અને લેબલ અને શીલ કરીને શીલબધ હાલતમા, આવેલ પોલીસવાળાને એફ.એસ.એલ. જુનાગઢ તરફ વધુ તપાસ માટે ફોરવડીગ લેટર સાથે મોકલી આપેલ. તેમના હસ્તાક્ષરમા સર્ટીફીકેટ આપેલુ જેમા તેઓ તેમની સહી તથા હસ્તાક્ષર ઓળખી બતાવે છે. સદર સાહેદે તેમની જુબાની દરમ્યાન આક–૬૬ થી સર્ટીફીકેટ, આક ૬૭ થી બ્લડ સેમ્પલ લેવા માટે પી.આઈ. ભરતનગર તરફથી થયેલ યાદી તથા આક ૬૮ થી આરોપી શૈલેષભાઈ મગાભાઈ કટારીયાના ઓ.પી.ડી. કેસ પેપર રજુ કરેલ છે.

આક–૬૫ ના તબીબી અધિકારીશ્રીની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામા આવેલ છે જેમા તેઓ કબુલ રાખે છે કે, બ્લડ કેટલા શીશી કલેકટ કરેલ તેનો ઉલ્લેખ સર્ટીફીકેટમા થયેલ નથી. પેશન્ટની ખરાઈ

કરવાના સદર્ભે કોઈ નિશાની સર્ટીફીકેટમા દર્શાવેલ નથી. શીલ અગેની કામગીરી તેમના કર્મચારીએ કરેલી.

## —: <u>પચ સાહેદોના પુરાવાની ચર્ચા</u>:—

(૨૧) ફરિયાદ પક્ષ તરફે આક—૨૧ થી સાહેદ ન.૭ તરીકે પચ ગૌતમભાઈ લઘરભાઈ મકવાણાને સોગદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામા એવુ જણાવે છે કે, તા.૨—૧—૨૦૧૬ ના રોજ તેમને પોલીસે તરસમીયા રોડ ઉપર આવેલ શીતળા માતાજીની નાની દેરીએ બોલાવેલા. તે જગ્યાનુ પચનામુ કરવાન હોય પચમા રહેવાની તેઓએ હા પાડેલી. બનાવ સ્થળે પોલીસ તથા ફરીયાદી અમીતભાઈ બારૈયા હાજર હતા. બનાવની જગ્યા અમીતભાઈ પોલીસને બતાવતા હતા ત્યારે તેઓ ત્યા હાજર હતા. બનાવ સ્થળે લોહીના ડાઘા જમીન ઉપર હતા ત્રણ જગ્યાએથી તે અગેના સેમ્પલ તેમની રૂબરૂ પોલીસે લીધેલા. જેમા બે લોહીવાળા ડાઘાના હતા અને ત્રીજુ સેમ્પલ લોહી વગરની માટીનુ હતુ. આ સેમ્પલ પોલીસે પ્લાસ્ટીકની કોથળીમા નાખીને કાપડની બેગમા મુકી તેઓની રૂબરૂ શીલ કરેલ. આ પચનામુ કરવામા આવ્યુ ત્યારે બીજા પચ તરીકે વિશાલભાઈ નાથાભાઈ સોલકી હતા. આ સેમ્પલ લીધા ત્યારબાદ પોલીસે તે અગેની કાર્યવાહી કરીને તેઓ પચોની સહીઓ કાપલીઓ ઉપર લીધેલી. આ અગેનુ પચનામુ કરેલ. બનાવવાળી જગ્યાનું પચનામુ બતાવવામા આવતા તે જોઈને તેના પ્રથમ પાનાના પાછળના ભાગે તેમજ પચનામુ પુરૂ થાય છે ત્યા પચ ન.૧ તરીકે તેમની સહીઓ છે અને પચ ન.૨ તરીકે વિશાલભાઈ નાથાભાઈ સોલકીની સહીઓ છે જે તેમણે તેમની રૂબરૂ કરેલી છે. તેમની તથા પચ ન.૨ ની સહીઓ તેઓ ઓળખી બતાવે

છે. તે પચનામ આક–૨૨ થી રજુ છે. મુદ્દામાલ આર્ટીકલ ન.૧ થી ૩ કોર્ટની પરવાનગીથી કોર્ટ રૂબરૂ ખોલતા આર્ટીકલ ન.૧ થી ૩ ની કોથળી ઉપર તેમજ કાપલીઓ નીકળેલ છે તેમા પચ ન.૧ ની સહી તેમને બતાવતા તેઓ ઓળખી બતાવે છે. જે તેમની સહીવાળી કાપલીઓ આક–૨૩,૨૪,૨૫ થી રજુ છે.

આક ૨૧ ના સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામા આવેલ છે. જેમા તેઓ કબુલ રાખે છે કે, તેઓ છેલ્લા આઠેક વર્ષથી અમીતભાઈને ઓળખે છે અને તેઓ તેના મિત્ર છે. તેમની હાજરીમા પચનામુ થયેલુ પરતુ તેઓ બોલતા જતા હોય અને પોલીસ લખતી જતી હોય તેવુ બનેલ નથી. તેમની હાજરીમા જગ્યાનુ કોઈ માપ લીધેલ હોય તેવુ બનેલ નથી. બનાવવાળી જગ્યાએ ચારે દિશાએ શુ આવેલુ છે તે તેમણે પોલીસને લખાવેલ નથી. તેઓ કબુલ રાખે છે કે, પચનામામા જે માપ લખાયેલા તે તેમણે લખાવેલા નથી.

(૨૨) ફરિયાદ પક્ષ તરફે આક–૨૭ થી સાહેદ ન.૮ તરીકે પચ વીજયભાઈ હિમતભાઈ ઢાપાને સોગદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામા એવુ જણાવે છે કે, તા.૨–૧–૨૦૧૬ ના રોજ તેઓ મુકેશભાઈની ખબર કાઢવા માટે સર ટી. હોસ્પીટલ ગયેલા ત્યારે સર ટી. હોસ્પીટલની પોલીસ ચોકીએ તેમને બોલાવેલા ત્યારે અમીતભાઈ ભરતભાઈ મુકેશના કપડા પોલીસવાળાને આપતા હતા તે અગેન પચનામાની વિગતે તેમની રૂબરૂ પચનામુ થયેલુ. આ વખતે બીજા પચ તરીકે કેતનભાઈ ભીમજીભાઈ બારૈયા હતા તેઓએ પણ તેમની રૂબરૂ પચનામામા સહી કરેલી. તે પચનામ તેમને બતાવવામા આવતા તેમા પચ ન.૧ તરીકે તેમની તથા પચ ન.૨ ની સહી તેઓ ઓળખી બતાવે છે. જે

પચનામુ આક–૨૮ થી રજુ છે. કપડામા પચનામા વખતે કાળા કલરનુ જાકીટ હતુ. આ જાકીટમા છરીના ઘા મારેલા હતા જેન વિગતવાર પચનામુ કરી જાકીટ કબજે લીધેલુ. એક પેન્ટ પણ હતુ જે તેમને બતાવવામા આવતા પેન્ટમા પણ પાછળના ભાગે કાપા હતા. આ પેન્ટ કબજે લીધેલ. ત્યારબાદ એક ટીશર્ટ અને નીકર હતા તે કબજે લીધેલ. ત્યારબાદ બે સોની કપનીના મોબાઈલ પચનામાની વિગતે કબજે લીધેલા. આ તમામ મુદ્દામાલ તેમને બતાવવામા આવતા તે ઓળખી શકે. આ તેમને મુદ્દામાલ આર્ટીકલ ન.૪ જાકીટ લગત, મુદ્દામાલ આર્ટીકલ ન.૫,૬ લગત તથા મુદ્દામાલ આર્ટીકલ ન.૭,૮ ના મોબાઈલો લગત રખાયેલ મુદ્દામાલ પાવતી બતાવવામા આવતા તેમા પચ ન.૧ તરીકે તેમની અને પચ ન.૨ ની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે આક–૨૯ થી ૩૩ સુધી રજુ છે. મુદ્દામાલ આર્ટીકલ ન.૪ થી ૮ તેઓ ઓળખી બતાવે છે.

આક ૨૭ ના સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામા આવેલ છે. જેમા તેઓ કબુલ રાખે છે કે, તેઓ અમીતભાઈ તથા મુકેશભાઈને સારી રીતે ઓખે છે. તેઓ તેમના મિત્ર થાય છે. તેઓ કબુલ રાખે છે કે, આ કપડામા કેટલા કાણા હતા અને માપ સાઈઝ શુ હતી તેની ખરાઈ તેમણે જાતે કરેલ નથી. આ મોબાઈલના નબર તેમજ ઈ.એમ.આઈ. નબર શુ હતા તેની તેમને ખબર નથી. તેઓ કબુલ રાખે છે કે, પોલીસ સ્ટેશનમા ટેબલ ઉપર કપડા પડેલા હતા અને પોલીસે જે લખેલ તેમા તેમણે સહી કરેલ.

(૨૩) ફરિયાદ પક્ષ તરફે આક–૩૪ થી સાહેદ ન.૯ તરીકે પચ જીતેન્દ્ભાઈ ગીધાભાઈ ધાપાને સોગદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામા એવુ જણાવે છે કે, તા.૬–૧–૨૦૧૬ ના રોજ

પોલીસે ત્હોમતદાર શૈલેષભાઈ મગાભાઈ કોળી બુધાભાઈ વાઘાભાઈ ચૌહાણની વાડીએ સતાયેલા હોય ત્યા જઈને તેમને પકડીને અટક પચનામુ કરી મુદ્દામાલ મળી આવે તો કબજે કરવાનો હોય પચમા રહેવાની સમજ કરેલ. બાદ પ્રાથમિક પચનામુ તેમની રૂબરૂ કરતા તેઓએ પચ ન.૧ તરીકે તેમની તથા તેમની સાથે બીજા પચ વિપુલભાઈ તેજાભાઈ ચૌહાણએ તેમની રુબરુ સહી કરેલ હોવાથી બનેની સહીઓ ઓળખી બતાવે છે. પ્રાથમિક પચનામુ કર્યા બાદ ભરતનગર પોલીસ સ્ટેશનેથી જીપમા સુરકા ગામે બુધાભાઈ ચૌહાણની વાડીએ ગયેલા. ત્યા કુવા પાસે એક માણસ સુતેલો હતો જેની બાજુમા એક મોટર સાયકલ પડેલી હતી. ત્યારબાદ પોલીસે આ માણસને ઉઠાડી તેનુ નામ ઠામ પુછતા આરોપીએ પોતાનુ નામ શૈલેષભાઈ મગાભાઈ કોળી અને ખારસી વિસ્તાર ભાવનગર કહેલુ. આરોપીએ ડીઝાઈનવાળુ ટીશર્ટ અને કાળા કલરનુ પેન્ટ પહેરેલ હતુ. બાજુમા પડેલ મોટર સાયકલ  હોન્ડા કપનીનુ હતુ. આરોપી શૈલેષભાઈને પુછતા તમોએ પોતાનુ હોવાનુ કહેલ. તેનો નબર હાલ તેમને યાદ નથી પરતુ પચનામામા લખેલો. આ મોટર સાયકલની જમણી સાઈડે એક થેલો હતો જમા બીજી ચેઈન ખોલી તો તેમા એક છરી હતી. આ છરીનો હાથો કાળા કલરનો હતો અને એક બાજુ ધારવાળી હતી. જેની ઉપર અગ્રેજીમા કાઈક લખેલુ હતુ. આ છરી ઉપર લોહીના ડાઘા પણ હતા. આ છરીનુ અને મોટર સાયકલનુ પચનામુ કરી બને વસ્તુ કબજે લીધેલી. આ પચનામુ પુરૂ થયુ ત્યારબાદ તઓએ ફરી પચ ન.૧ તરીકે સહી કરેલી. તેમને પચનામ બતાવતા તેમા બને જગ્યાએ તેમની તથા તેમના રુબરુ પચ ન.ર નાએ કરેલ સહીઓ ઓળખી બતાવે છે. જે પચનામ  આક–૩૫ થી રજુ છે. તેમને મુદ્દામાલ આર્ટીકલ ન.૧૦ નુ હથીયાર બતાવવામા આવતા તે છરી કબજે કરેલ હોવાન જણાવો ઓળખી બતાવે છે. મુદ્દામાલ આર્ટીકલ ન.૧૦

લગત રખાયેલ કાપલી તેમને બતાવવામા આવતા તેમા તેમની તથા બીજા પચની સહીઓ છે જે તેઓ ઓળખી બતાવે છે. તે આક–૩૬ થી રજુ છે. સાહેદે અદાલત રૂબરૂ આરોપી શૈલેષભાઈ મગાભાઈ કોળીને ઓળખી બતાવે છે.

આક ૩૪ ના સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામા આવેલ છે. જેમા તેઓ કબુલ રાખે છે કે, પ્રાથમિક પચનામુ કરતા પહેલા કોઈ ઝડતી પોલીસે તેમની કરેલી નહિ. તેઓ બોલતા ગયા હોય અને પોલીસે પચનામુ લખ્યુ હોય તેવુ બનેલ નથી. તેમના કહેવા પ્રમાણે પોલીસે લખીને તેમને વાચી સભળાવેલુ અને તેમણે સાભળીને સમજેલુ. તેઓ કબુલ રાખે છે કે, તેમને જે છરી બતાવેલ છે તે બજારમા અન્ય જગ્યાએ મળી શકે. તેઓ કબુલ રાખે છે કે, માલણકાથી ભાવનગર આવવુ હોય તો ખારસી વિસ્તારમાથી પસાર થવુ પડે. શૈલેષભાઈ ખારસી વિસ્તારમા રહે છે.

(૨૪) ફરિયાદ પક્ષ તરફે આક–૩૭ થી સાહેદ ન.૧૦ તરીકે પચ ભુપતભાઈ પોલાભાઈ બારૈયાને સોગદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામા એવુ જણાવે છે કે, તા.૬–૧–૨૦૧૬ ના રોજ તેઓ ભરતનગર પોલીસ સ્ટેશન આગળથી પસાર થતા હતા ત્યારે બે પોલીસના માણસોએ તેમને પચનામુ કરવા માટે બોલાવતા તેઓ ભરતનગર પોલીસ સ્ટેશન ગયેલા. પોલોસ સ્ટેશને પોલીસ સિવાય બીજુ કોઈ હાજર ન હતુ. પોલીસવાળાએ તે વખતે કપડા રજુ કરેલા જે શૈલેષભાઈ મગાભાઈના હતા. આ કપડામા એક કાળુ પેન્ટ હતુ અને બીજુ એક ટીશર્ટ હતુ. આ બને કપડા ઉપર લોહીના ડાઘા હતા. ટીશર્ટના આગળના ભાગે સફેદ કાઈક લખેલ હત. આ કપડા તેઓને પોલીસ

રુબરુમા બતાવેલા અને તપાસઅર્થે કબજે લીધેલા, જે અગેનુ પચનામુ કરેલુ. જે આક ૩૮ થી રજુ છે. પચનામા પોતાની પચ ન.૧ તરીકે તથા બીજા પચ તરીકે વિક્રમભાઈ લઘરાભાઈ બારૈયાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૧,૧૨ લગત રખાયેલી કાપલીમાં પંચ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેના કપડા હતા તે ઈસમ શૈલેષભાઈ મંગાભાઈ પોલીસ સ્ટેશને હાજર ન હતા. તેઓ શૈલેષભાઈ મંગાભાઈને ઓળખે છે જે હાલ કોર્ટમાં હાજર છે તેજ છે. તેમના કહેવા પ્રમાણે તેમણે કોઈ પોલીસ સિવાયના ઈસમને પોલીસ સ્ટેશને જોયેલ ન હતા. સદર સાહેદ આક–૩૮ ના પચનામાની હકીકતને સમર્થન આપતા નથી અને તેથી વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે, પરતુ તેમાથી પણ ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેવી કોઈ હકીકત મળી આવતી નથી.

આક ૩૭ ના સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામા આવેલ છે. જેમા તેઓ કબુલ રાખે છે કે, પોલીસ સ્ટેશને તેઓ નવ વાગ્યા પછી ગયા હોય તેવુ બનેલ નથી. વિક્રમભાઈ બારૈયા તેમના ગામના છે અને તેઓ તે દિવસે સાથે જ ઘરે ગયેલા. તેમના કહેવા પ્રમાણે તેઓ પોલીસ સ્ટેશને રાત્રે આઠેક વાગ્યાના સુમારે ગયા હશે. તે વખતે આશરે પદરથી વીસ મીનીટ રોકાયેલા અને ત્યારબાદ બને પોલીસ સ્ટેશનથી જતા રહેલા. તેઓ કબુલ રાખે છે કે, પોલીસ સ્ટેશનમા શૈલેષભાઈને તે દિવસે જોયેલ નથી.

(૨૫) ફરિયાદ પક્ષ તરફે આક ૪૧ થી સાહેદ ન.૧૧ તરીકે વિક્રમભાઈ લઘરાભાઈ બારૈયાને સોગદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદ પોતાના પુરાવામા એવુ જણાવે છે કે, તા.૬–૧–૨૦૧૬ ના રોજ પોલીસે તેમને ભરતનગર પોલીસ સ્ટેશને બોલાવેલ ત્યા આરોપી શૈલેષભાઈના કપડા તપાસવાનુ શરૂ હતુ. જેમા એક કાળુ ટી શર્ટ હતુ અને કોફી કલરનુ નાઈટ પેન્ટ હતુ. આરોપી આરોપી શૈલેષભાઈ પોલીસ સ્ટેશને હાજર હોવાન જણાવી સદર સાહેદ અદાલત રૂબરૂ આરોપીને ઓળખી બતાવે છે. તેમને આક–૩૮ નુ પચનામુ તથા આક–૩૯,૪૦ ની સ્લીપો બતાવવામા આવતા તેમા પચ ન.૨ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. તેમજ મુદ્દામાલ આર્ટીકલ ન.૧૧,૧૨ ના કપડા બતાવવામા આવતા તે ટી શર્ટ ઓળખી બતાવે છે. પરતુ પેન્ટ આજ હતુ કે કેમ તે તેઓ ચોકકસ કહી શકે નહિ.

આક ૪૧ ના સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામા આવેલ છે જેમા તેઓ કબુલ રાખે છે કે, મુદ્દામાલનુ પેન્ટ તે કાળા કલરનુ છે, કોફી કલરનુ નથી. કાળા કલરનુ પેન્ટ પચનામા વખતે કબજે લીધેલ નથી, તેમના કહેવા પ્રમાણે કોફી કલરનુ પેન્ટ કબજે લીધેલ હતુ. પોલીસ કપડા કયાથી લાવેલી તે તેઓ ચોકકસ કહી શકે નહિ.

(૨૬) ફરિયાદ પક્ષ તરફે આક ૪૨ થી સાહેદ ન.૧૨ તરીકે ભરતભાઈ બચુભાઈ પરમારને તથા આક ૪૪ થી સાહેદ ન.૧૩ તરીકે પૃથ્વીરાજ બટુકભાઈ ચૌહાણને સોગદ ઉપર તપાસવામા આવેલ છે. આ બને સાહેદ પોતાના પુરાવામા એવુ જણાવે છે કે, તા.૭/૧/૧૬ ના રોજ તેઓ ભરતનગર પોલીસ સ્ટેશન પાસેથી રીક્ષા લઈને નીકળતા તેમને ઉભો રાખેલ અને તૈયાર પચનામામા તેમને સહી કરવાનુ કહેતા તેમણે સહી કરી

આપેલી. આરોપીના મેડીકલ સેમ્પલ કબજે કર્યાના પંચનામામાં પંચ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે, જે પંચનામુ આંક–૪૩ થી રજુ છે. તેમની હાજરીમાં પોલીસે કોઈ સેમ્પલ કબજે કરેલાની હકીકતને સમર્થન નહિ આપતા વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે, પરતુ તેમાથી પણ ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેવી કોઈ હકીકત મળી આવતી નથી.

(૨૭) ફરિયાદ પક્ષ તરફે આક ૪૫ થી સાહેદ ન.૧૪ તરીકે અતુલભાઈ ધીરુભાઈ ત્રિવેદીને તથા આક ૪૬ થી સાહેદ ન.૧૫ તરીકે સતોષભાઈ શાતિભાઈ ચૌહાણને સોગદ ઉપર તપાસવામા આવેલ છે. આ બને સાહેદ પોતાના પુરાવામા એવુ જણાવે છે કે, તા.૯/૧/૧૬ ના રોજ તેઓ ભરતનગર પોલીસ સ્ટેશન પાસેથી રીક્ષા લઈને નીકળતા તેમને ઉભો રાખેલ અને તૈયાર પચનામામા તેમને સહી કરવાનુ કહેતા તેમણે સહી કરી આપેલી. આરોપીના મેડીકલ સેમ્પલ કબજે કર્યાના પંચનામામાં પંચ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે, જે પંચનામુ આંક–૪૬ થી રજુ છે. તેમની હાજરીમાં પોલીસે કોઈ સેમ્પલ કબજે કરેલાની હકીકતને સમર્થન નહિ આપતા વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે, પરતુ તેમાથી પણ ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેવી કોઈ હકીકત મળી આવતી નથી.

## –: પોલીસ સાહેદોના પુરાવાની ચર્ચાઃ–

(૨૮) ફરિયાદ પક્ષ તરફે આક–૫ર થી સાહેદ ન.૧૭ તરીકે ખોડુભાઈ જીલુભાઈ કરપડાને સોગદ ઉપર તપાસવામા આવેલ છે. સદરહુ સાહેદ પોતાના પુરાવામા જણાવે છે કે, તા.ર–૧–ર૦૧૬ ના રોજ તેઓ પી.એસ.આઈ. તરીકે ભરતનગર પોલીસ સ્ટેશનમા તેમની ફરજ પર હાજર હતા ત્યારે પી.એસ.ઓ.એ આ ગુન્હાની જાણ કરતી એક લેખિત યાદી તેમને મોકલેલી તેના આધારે તેઓ સર.ટી.હોસ્પીટલ, ચોકીએ ગયેલા ત્યા ફરીયાદીએ પોતાની ફરીયાદ લખાવતા તેઓએ તેમના લખાવ્યા મુજબની લખી લીધેલી. આક–૮ ની ફરીયાદમા ફરીયાદીએ તેમની રૂબરૂમા સહી કરેલ તેમજ રુબરુપણામા તેઓએ તેમની સહી કરેલી જે તેઓ તેમની તથા ફરીયાદીની સહી ઓળખી બતાવે છે. ફરીયાદ લીધા બાદ ગુન્હો રજીસ્ટર્ડ કરવા માટે તેઓએ પોલીસ સ્ટેશન ઓફીસર, ભરતનગર પોલીસ સ્ટેશનને યાદી કરેલી જેમા તેમની સહી છે. તેઆક–૫૩ થી રજુ છે. પી.એસ.ઓ. ભરતનગરનાએ તેમને ઉદ્દેશીને ફરીયાદ નોધવાના સદર્ભે એક યાદી લખેલી તેમા સબધિત પી.એસ.ઓ.ની સહી છે તે તેઓ ઓળખી બતાવે છે. તે આક–૫૪ થી રજુ છે.

આક ૫ર ના સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામા આવેલ છે, જેમા તેઓ કબુલ રાખે છે કે, આક ૫૪ મા મારનાર ઈસમનુ નામ યાદીમા નથી. સાહેદે ફરિયાદ પુરુ કર્યાનો સમય ૧૧:૨૫ માથી ૧૨:૨૫ સુધારીને કરેલાની હકીકતનો ઈન્કાર કરેલ છે. તેઓ કબુલ રાખે છે કે, ૧૨ ના આકડામા એકડા પછી બગડો અલગ દેખાય છે. તેઓ કબુલ રાખે છે કે, ફરિયાદમા ત્રણ જણાનો ઉલ્લેખ કરેલો છે જેમા બે અજાણ્યા માણસોનો ઉલ્લેખ કરેલો છે.

(૨૯) ફરિયાદ પક્ષ તરફે આક–૫૭ થી સાહેદ ન.૧૯ તરીકે બસીલાલ રામજીભાઈ નીનામાને સોગદ ઉપર તપાસવામા આવેલ છે. સદરહુ સાહેદ પોતાના પુરાવામા જણાવે છે કે, તા.૨–૧–૨૦૧૬ ના રોજ તેઓ ભરતનગર પોલીસ સ્ટેશનમા પી.એસ.ઓ. તરીકે ફરજ પર હતા તે દરમ્યાન પી.એસ.આઈ.શ્રી કે.જે.કરપડાએ ફરીયાદીની પોતાના રૂબરૂની ફરીયાદ લઈ તેઓને ગુન્હો રજીસ્ટર્ડ કરવા માટે સોપતા તેઓએ ગુન્હો રજીસ્ટર્ડ કરી સ્ટેશન ડાયરીમા નોધ કરેલી. તેઓએ આ ગુન્હાની આગળની તપાસ શ્રી જી.બી.બાભણીયાનાઓને સોપી આપેલી. તે યાદીમા તેમની પીએસઓ તરીકેની સહી તથા સીકકો ઓળખી બતાવે છે. તેમને આક–૮ વાળી ફરીયાદ બતાવવામા આવતા તે તેમને ગુન્હો રજીસ્ટર્ડ કરવા માટે મળેલી તે ઓળખી બતાવે છે. આ સાહેદની જુબાની દરમ્યાન સ્ટેશન ડાયરીની ઝેરોક્ષ આક ૫૮ થી, ગુન્હાની આગળની તપાસ સોપ્યાની યાદી આક ૫૯ થી તથા ભારે ગુન્હાનો રીપોર્ટ આક ૬૦ થી રજુ થયેલ છે.

આક–૫૭ ના સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરવામા આવેલ છે જેમા તેઓ કબુલ રાખે છે કે, તેમણે આ કામે ગુન્હો રજીસ્ટર્ડ કરેલો છે અને તે સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૩૦) ફરિયાદ પક્ષ તરફે આક–૭૯ થી સાહેદ ન.૨૨ તરીકે ત.ક.અ.ઘનશ્યામભાઈ બચુભાઈ બાભણીયાને સોગદ ઉપર તપાસવામા આવેલ છે. સદરહુ સાહેદ પોતાના પુરાવામા જણાવે છે કે, તા.૨–૧–૨૦૧૬ ના રોજ તેઓ ભરતનગર પોલીસ સ્ટેશનમા પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.ઓ. ધ્વારા આ કામની તપાસ તેઓને સોપતા તેઓએ ફરીયાદીની ફરીયાદ વચાણે લઈ બનાવવાળી

જગ્યાએ જઈ બે પચો રુબરુ તરસમીયા રોડ ઉપર શીતળા માતાની દેરી પાસે કલ્યાણભાઈના ખુલ્લા ખેતરમા બનેલ હોવાન જણાતા તે જગ્યાએ બે મોટા લોહીના સુકાઈ ગયેલા ધાબાઓ જોવામા આવેલ. જે લોહીના ધાબામાથી લોહીના રતાશ પડતા સુકાઈ ગયેલા ડાઘવાળી ધુળ પત્થર મિશ્રિત માટી પ્લાસ્ટીકની થેલીમા લઈ કપડાની બેગીમા અદર બહાર પચોની સહીવાળી સ્લીપ મુકી તપાસ અર્થે કબજે કરેલ તથા બાજુમાથી કન્ટ્રોલ માટી લઈ તપાસ અર્થે કાપડની બેગીમા મુકી કબજે કરેલ. જે પચનામ આક–૨૨ થી રજુ છે જેમા બે પચોની તથા રુબરુપણામા તેમની સહી ઓળખી બતાવે છે. સદર સાહેદની જુબાની દરમ્યાન એફ.એસ.એલ.અધિકારીને સ્થળ પર તપાસ કરવા માટેની યાદી આક–૮૦ થી, ઈજા પામનાર મુકેશભાઈ ભરતભાઈ બારૈયા સર.ટી. હોસ્પીટલમા બેભાન હાલતમા હોય તેઓનુ નિવેદન લેવાનુ બાકી હોય તેઓ ભાનમા આવે તે અગેની જાણ કરતો પત્ર આક–૮૧ થી, ઈજા પામનારનુ ડી.ડી. લેવા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને કરેલ યાદી આક–૮૨ થી, આરોપીના મોબાઈલ ફોનની કોલ ડીટેઈલ મેળવવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરને કરેલ યાદી આક–૮૩ થી, ઈજા પામનારની કોલ ડીટેઈલ મેળવવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરને કરેલ યાદી કરેલ આક–૮૪ થી, બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા માટે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ભાવનગરને કરેલ યાદી આક–૮૫ થી, બનાવવાળી જગ્યાનો નકશો આક–૮૬ થી, મુદ્દામાલ પૃથ્થકરણ કરવા માટે એફ.એસ.એલ. જુનાગઢને રવાનગી નોધ આક–૮૭ થી, એફ.એસ.એલ. જુનાગઢને મુદ્દામાલ મળ્યા બાબતની પહોચ આક–૮૮ થી, એફ.એસ.એલ. જુનાગઢના નાયબ નિયામક ધ્વારા મોકલવામા આવેલ ફોરવર્ડીગ પત્ર આક–૮૯ થી, જુનાગઢ એફ.એસ.એલ.ના

બાયોલોજીકલનો પૃથ્થકરણ અહેવાલ આક–૯૦ થી, એફ.એસ.એલ. જુનાગઢના સીરોલોજીકલ વિભાગનો પૃથ્થકરણ રીપોટ આક–૯૧ થી, એફ.એસ.એલ. જુનાગઢના ભૌતિક શાસ્ત્રનો પૃથ્થકરણ અહેવાલ આક–૯૨ થી, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીન હથીયારબધીનુ જાહેરનામુ આક–૯૩ થી, ઈજા પામનાર મુકેશભાઈ બારૈયાની કોલ ડીટેઈલ (પાના કુલ –૨૩ ) ની ઝેરોક્ષ આક–૯૪ થી, મોબાઈલ ન.૯૯૧૩૩૮૪૨૩૬ ની કોલ ડીટેઈલની ઝેરોક્ષ નકલ આક–૯૫ થી, મોબાઈલ ન.૯૫૭૪૬૭૩૯૦૧ ની કોલ ડીટેઈલ્સ આક–૯૬ થી, આઈડીયા કપનીના નોડલ ઓફીસરનુ સર્ટિફીકેટ તથા કોલ ડીટેઈલ્સ તથા મોબાઈલ નબર ધારણ કરનાર ( ૯૯૨૪૦૩૯૫૮૪) ની વિગતો આક– ૯૭ થી ૧૦૦ સુધીની, વોડાફોન કપનીના મોબાઈલ ન. ૯૯૧૩૩૮૪૨૩૬ ની કોલ ડીટેઈલ્સ અને તે અગેના કેસ કાગળો આક–૧૦૧ થી ૧૦૬ સુધીના, મોબાઈલ ન.૯૫૭૪૬૭૩૯૦૧ ની કોલ ડીટેઈલ્સ તથા કપનીનુ પ્રમાણપત્ર આક–૧૦૭ થી ૧૧૦ સુધી રજુ કરેલ છે. સદરહુ સાહેદ વધુમાં જણાવે છે કે, આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા તેઓએ નામદાર અદાલતમા ચાર્જશીટ રજુ કરેલ. સદરહુ સાહેદ અદાલત સમક્ષ કબજે કરેલ મુદ્દામાલ છરી તથા કપડા ઓળખી બતાવે છે. સદરહુ સાહેદ અદાલત સમક્ષ આરોપીને ઓળખી બતાવે છે.

આક–૭૯ ના ત.ક.અ.શ્રીની બચાવ પક્ષે ઉલટ તપાસ કરવામા આવેલ છે જેમા તેઓ કબુલ રાખે છે કે, આક ૫૪ ની યાદીમા ઈજા પામનારને કોણે ઈજા કરેલ તેનુ નામ જણાવવામા આવેલ નહિ. ફરિયાદીએ ફરિયાદમા બનાવનુ કારણ જણાવેલ નથી. તેઓ કબુલ રાખે છે કે, અજાણ્યા શખ્ખો બાબતે કોઈ ઓળખ પરેડ કરેલ નહિ કારણકે કોઈ અટક કરવામા આવેલ નથી. ગુન્હાવાળી જગ્યા જાહેર રોડની નજીકની

જગ્યા છે. બનાવવાળી જગ્યાના ફોટોગ્રાફસ તપાસના કામે લીધેલ નથી. તપાસ દરમ્યાન બનાવના કારણ બાબતે મોબાઈલ લે વેચની તકરાર હતી અને ખારસો ગામના ગાયત્રીબેન સાથેના સબધ રાખવા બાબતે બને વચ્ચે બોલાચાલી થયેલ.

–: **<u>મૌખિક અને દસ્તાવેજી પુરાવાની સયુકત ચચા</u>**:–

**<u>મુદ્દા ન.૧</u>**:–

(૩૧) આ કામે, ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો તથા ફરિયાદ પક્ષે તેમજ આરોપી પક્ષે રજુ થયેલ દલીલો સાથે આ કામના આરોપી વિરુધ્ધ આક–૫ થી ભારતીય દડ સહિતાની કલમ ૩૦૭ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ અન્વયે તહોમતનામુ ફરમાવવામા આવેલ છે જે આક–૫ નુ તહોમતનામુ ધ્યાને લેતા, આ કામના આરોપીને અગાઉ સાહેદ ગાયત્રીબેન સાથે પ્રેમસંબંધ હતો જે તોડી નાંખી સાહેદ ગાયત્રીબેન ફરિયાદી અમીતભાઈના ભાઈ મુકેશભાઈ સાથે સંબંધ રાખતા હોવાની અને તેની સાથે હરતા ફરતા હોવાની દાઝ રાખી આરોપીએ ગુનો કરવાનો ઈરાદો સેવેલો અને તે ઈરાદો બર લાવવા તા.૨–૧–૨૦૧૬ ના કલાક ૭–૦૦ થી ૮–૦૦ દરમ્યાન આરોપીએ ઈજા પામનાર મુકેશભાઈને મોજે તરસમીયા રોડ, શીતળામાતાની દેરી પાછળ ખુલ્લા ખેતરમાં મોટર સાયકલ સાથે લઈ જઈ તેની સાથે બોલાચાલી કરી, ઉશ્કેરાઈ જઈ, પ્રાણઘાતક હથિયાર છરી વડે ઈજા પામનારને છાતીના ભાગે, પેટમાં બન્ને પડખામાં, કમરના ભાગે, વાંસાના ભાગે, બન્ને હાથ પર તથા થાપાના ભાગે આડેધડ ઘા મારી જીવલેણ અને પ્રાણઘાતક ગંભીર ઈજાઓ કરી તેઓનું

મૃત્યુ નીપજાવવાની કોશીષ કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭ અન્વયે શિક્ષાપાત્ર ગુનો કરેલ અને બનાવ તારીખે, સમયે અને સ્થળે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં આરોપી શૈલેષભાઈ મંગાભાઈ કંટારીયાએ જાહેરમાં છરી ધારણ કરી ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરવા સબબ આરોપી વિરુધ્ધ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે.

(૩૨) આંક ૫ થી ફરમાવેલ તહોમતનામું ધ્યાને લેતા આરોપી વિરુધ્ધ જયારે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭ અન્વયે ફરિયાદીના ભાઈ મુકેશભાઈને છાતીના ભાગે, પેટમાં બંને પડખામાં, કમરના ભાગે, વાંસાના ભાગે, બંને હાથ પર તથા થાપાના ભાગે છરી વડે આડેધડ ઘા મારી જીવલેણ ગંભીર ઈજા કરી મોત નીપજાવવાની કોશિશ કરવા સબબ જયારે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે ત્યારે ફરિયાદ પક્ષે રજુ થયેલ તબીબી પુરાવાને આધીન ઈજા પામનારને થયેલી ઈજા મુદ્દામાલની છરી વડે થઈ શકે અને થયેલી ઈજા મૃત્યુ નીપજી શકે તેવી હોવાનું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે કેમ તે સબબ પ્રથમ તબીબી પુરાવો ધ્યાને લેવો જરુરી બને. ફરિયાદ પક્ષ તરફે આંક ૪૮ થી તબીબી અધિકારીનો પુરાવો ધ્યાને લેતા તેઓ સર ટી. હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હોય અને તા.૨/૧/૨૦૧૬ ના રોજ આ કામના ઈજા પામનારની સારવાર કરેલ હોય તેવુ જણાય છે. દર્દીએ જ જાતે કેસ હિસ્ટ્રી આપેલ હોય તેવુ જણાય છે. જે કેસ હિસ્ટ્રીમાં તેઓને આરોપીએ તેજ દિવસે અડધા કલાક પહેલા ઘોઘા રોડ ઉપર શીતળા

માની દેરી પાછળ છરી મારી હુમલો કરેલાનું જણાવેલ છે. તે સમયે દર્દી સંપુર્ણ સભાનઅવસ્થામાં હોય અને તેને ઈજા જોતા છાતીમા જમણી બાજુએ ૨.૫ × ૧ સે.મી. ભોકાયેલો ઉડો ઘા છાતીના પોલાણ સુધી હતો. તેમજ પીઠની જમણી બાજુએ ૨ × ૨ સે.મી.પેટના પોલાણ સુધીનો ઉડો ભોકાયેલ ઘા માલુમ પડેલ તેમજ તે ઘામાથી આતરડુ બહાર જોવા મળેલ. ડાબી બાજુ ખભા પર ૧×૦.૫ ×૧ સે.મી. કપાયેલો ઘા જોવા મળેલ તેમજ ડાબી બાજુ છાતીના ભાગે ૨ × ૧ × છાતીના નીચેના પોલાણ સુધી ભોકાયેલો ઘા જોવા મળેલ. ડાબી બાજુ છાતીના ઉપરના ભાગે ૨ × ૧ સે.મી.× છાતીના પોલાણ સુધીનો ભોકાયેલો ઘા જોવા મળેલ તેમજ ડાબા સાથળ પર ઉપરના ભાગે ૧ × ૦.૫ × ૧ સે.મી. ભોકાયેલ ઘા જોવા મળેલ. ડાબા સાથળ પર ઉપરના ભાગે ૧ × ૦.૫ × ૦.૫ સે.મી. કપાયેલો ઘા ઉપરના આગળના ભાગે જોવા મળેલ તેમજ ડાબા સાથળ પર ઉપરના પાછળના ભાગે ૩ × ૧ સે.મી. × ભોકાયેલો પોલાણ સુધીનો ઘા જોવા મળેલ. જમણા સાથળ પર ઉપરના અદરના ભાગે ૧.૫ × ૧ × ભોકાયેલો ઉડો ઘા અદરની બાજુ જોવા મળલ તેમજ જમણા સાથળ પર પાછળના ભાગે ૩ × ૧ × ભોકાયેલો ઉડો ઘા જોવા મળેલ. ડાબા હાથ ઉપર નીચેના ભાગે ૪ × ૧ સ્નાયુ સુધી કપાયેલો ઘા જોવા મળેલ તેમજ ડાબા ગાલ પર ૧ × ૦.૫ × ૧ સે.મી.કપાયેલો ઘા જોવા મળેલ.

આ બધી જ ઈજાઓ લાલ કલરની તેમજ બને ખુણા તીક્ષ્ણ હતા. એક ધાર તીક્ષ્ણ તેમજ બીજી ધાર ઓછી તીક્ષ્ણ હતી. દર્દીને સીટી સ્કેન રીપોર્ટમા ૮ નબરની પાસળીનુ ફ્રેકચર આવેલ તેમજ જમણુ ફેફસુ સકોચાઈ ગયેલ તેમજ ફેફસાની ફરતે પાણી ભરાઈ ગયેલ. લીવરમા લોહી ગઠાઈ ગયેલુ જોવા મળેલ. આમ, આંક ૪૮ નાં તબીબી અધિકારી પોતાની સરતપાસમાં ઈજા પામનારને થયેલી ઈજા તીક્ષ્ણ ધારવાળા

હથિયારથી થઈ શકે અને ઈજાઓ ગંભીર પ્રકારની હતી તેમજ જો સમયસર સારવાર ન મળે તો તેઓનું મૃત્યુ પણ થઈ શકે તેવુ જણાવી મુદ્દામાલ આર્ટીકલ નં.૧૦ વાળા હથિયારથી ઈજા પામનારને થયેલી ઈજાઓ થઈ શકે તેમ જણાવે છે. તેમજ આંક ૭ અને આંક ૧૩ ના ફરિયાદી તથા ઈજા પામનાર અદાલત સમક્ષ મુદ્દામાલ આર્ટીકલ નં.૧૦ વાળી છરી ઓળખી બતાવે છે, પરંતુ આંક ૪૮ ના તબીબી અધિકારીને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૦ વાળુ હથિયાર છરી અદાલત સમક્ષ બતાવતા તેજ હથિયારથી ઈજા પામનારને ઈજા થયાનું તેઓ ચોકકસપણે કહી શકે નહિ તેમ જણાવે છે. આમ આંક ૪૮ થી ૫૧ સુધી રજુ થયેલ તબીબી પુરાવો ઘ્યાને લેતા ઈજા પામનારને જે રીતે છાતીમાં, પીઠ પર, ખભા પર, સાથળ પર ઈજા થયેલ છે અને થયેલ ઈજાઓ સબબ જો તેઓને સમયસર સારવાર ન મળે તો દર્દીનું મૃત્યુ નીપજી શકે તેવી ગંભીર પ્રકારની હતી તેવુ ઉપરોકત તબીબી પુરાવો ઘ્યાને લેતા જણાય છે.

(૩૩) આંક ૪૮ થી તબીબી અધિકારીના પુરાવા સાથે આંક ૪૯ થી ઈજા પામનારનું પ્રમાણપત્ર ઘ્યાને લેતા તા.૨/૧/૧૬ ના રોજ બનાવ બન્યા બાદ તા.૧/૨/૧૬ ના રોજ ઈજા પામનારને દવાખાનામાંથી ડીસ્ચાર્જ કરેલ હોય તેવુ જણાય છે. હવે જયારે આ કામના આરોપી વિરુઘ્ધ ઈ.પી.કો. કલમ ૩૦૭ અન્વયે ગુનો દાખલ થઈ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે ત્યારે રજુ થયેલ તબીબી પુરાવાને આધીન આ કામના આરોપીએ ઈજા પામનારને ઈ.પી.કો. કલમ ૩૦૭ અન્વયેની મુદ્દામાલ હથિયાર છરી જેવા તીક્ષ્ણ અને ધારદાર હથિયારથી ઈજા

કરેલ કે કેમ અને તેવી ઈજા ઈ.પી.કો. કલમ ૩૦૭ ના પ્રબંધો અન્વયેની છે કે કેમ તે સબબ પ્રથમ ઈ.પી.કો. કલમ ૩૦૭ ના પ્રબંધો અને તત્વો ધ્યાને લેવા જરુરી બને.

**ઈ.પી.કો.ક.૩૦૭. ખૂન કરવાની કોશીષ**:–

કોઈપણ વ્યકિત, કોઈ કૃત્ય એવા ઈરાદાથી અથવા જ્ઞાન સાથે અને એવા સંજોગોમાં કરે કે તે કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવત તો ખૂન માટે દોષિત થાત તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર થશે અને તેવા કૃત્યથી કોઈને ઈજા થાય તો ગુનેગાર આજીવન કેદ અથવા ઉપર જણાવ્યા પ્રમાણેની કેદની સજાને પાત્ર થશે.

આ કલમના આવશ્યક તત્વો નીચે પ્રમાણે દર્શાવવામાં આવ્યા છે:

૧. આરોપીએ કોઈ કૃત્ય કર્યુ.
૨. આવું કૃત્ય ઈરાદાપૂર્વક અથવા જ્ઞાન સાથે કર્યુ.
૩. આવા કૃત્યના કારણે કોઈને ઈજા થઈ.
૪. આવું કૃત્ય આરોપીએ કર્યુ ત્યારે આરોપી આજીવન કેદની સજા ભોગવતો હતો.

જો મૃત્યુ નીપજયું હોત તો આરોપી ખૂન માટે દોષિત ગણાત.

(૩૪) ઉપરોકત ઈ.પી.કો. કલમ ૩૦૭ ના પ્રબંધો અને તત્વો સાથે આંક ૪૮, ૪૯ થી રજુ થયેલ તબીબી પુરાવો ધ્યાને લેતા આ કામના

આરોપી તરફે કરવામાં આવેલ બચાવનો પ્રયાસ જોતા તબીબી અધિકારીએ ઈજા પામનારને થયેલી ઈજાઓ જે મુદ્દામાલ હથિયાર છરી સદરહુ ગુનાના કામે કબજે કરવામા આવેલ તે હથિયાર છરી જોતા એકબાજુ ધારવાળી અને બીજી બાજુ કરકરીયાવાળી હોય તેવા મુદ્દામાલ હથિયાર છરી જે એક બાજુ કરકરીયાવાળી ધાર ધરાવે છે તેવા હથિયારથી ઈજા પામનારને થયેલ ઈજાઓ થઈ શકે કે કેમ તે સબબ તબીબી અધિકારી કોઈ સ્પષ્ટ અભિપ્રાય આપતા નથી. તેજ રીતે ઈજા પામનારને થયેલ ઈજાઓ અને ફ્રેકચર જોતા આરોપી તરફે તે ઈજા પામનારને થયેલ ઈજાઓ જોતા વાહન અકસ્માત સબબની ઈજાઓ હોવા સબબ સંભાવના દર્શાવી છે પરંતુ તેવી સંભાવનાને તબીબી અધિકારીએ કોઈ સ્વીકૃતિ આપેલ નથી કે ઈજા પામનારને થયેલ ઈજાઓ જોતા તે કોઈપણ રીતે વાહન અકસ્માતમાં થઈ શકે તેવી ઈજા નથી તેવુ સ્પષ્ટ જણાવેલ છે. જેથી ઈજા પામનારને થયેલ ઈજાઓ સાથે ઈ.પી.કો. કલમ ૩૦૭ ના પ્રબંધો અને તત્વો જોતા ઈજા પામનારને થયેલ ઈજાઓ જોતા ઈજા નં.૧,૪ અને ૫ ની ઈજાઓ જોતા જે છાતી જેવા શરીરના મહત્વના અંગ ઉપર ભોંકાયેલ કપાયેલ ઘા અને આંતરડું બહાર કાઢે તેવી ઈજા હોય તે ઈજા ગંભીર પ્રકારની, સમયસર સારવાર ન મળે તો મૃત્યુમાં પરિણમી શકે તેવી હતી તેવુ જયારે સ્પષ્ટ જણાતું હોય ત્યારે ઈજા પામનારને થયેલ ઈજાઓ જોતા જયારે ઈજા પામનાર એક માસ સુધી દવાખાનામાં અંદરના દર્દી તરીકે રહી સારવાર મેળવતા હોય ત્યારે તે ઈજા સમયસર સારવાર ન મળે તો મૃત્યુમાં પરિણમી શકે તેવી હોય

ઈ.પી.કો. કલમ ૩૦૭ અન્વયેની ઈજા હતી તેવુ ઉપરોક્ત ચર્ચાને આધીન રજુ થયેલ તબીબી પુરાવો ધ્યાને લેતા જણાય છે.

(૩૫) રજુ થયેલ તબીબી પુરાવાને આધીન ઈજા પામનારને થયેલ ઈજાઓ જોતા તે જયારે ગંભીર અને મૃત્યુમાં પરિણમી શકે તેવી હોય ફરિયાદ પક્ષે માત્ર ઈ.પી.કો. કલમ ૩૦૭ અન્વયેની ઈજા છે તેટલી જ હકીકત પુરવાર કરવી પુરતી નથી, પરંતુ આ કામના આરોપી પ્રથમ તે ઈજા પામનારને તેવી ઈજા પહોંચાડવાનો ઈરાદો ધરાવી, ઈજા પામનારને પ્રથમ જયારે ગાયત્રીબેન સાથેના પ્રેમ સબંધના કારણે તે ઈજા પામનાર તેવા સાહેદ ગાયત્રીબેન સાથે હરતા–ફરતા હોય તેની દાઝ રાખી તેવી અદાવતને કારણે ઈજા પામનારને ઈજા મૃત્યુ પહોંચાડવાની કે તેનુ અકુદરતી મૃત્યુ નીપજાવવાનો ઈરાદો ધરાવી, તેવો ઈરાદો બર લાવવા તા.૨/૧/૧૬ ના રોજ ઈજા પામનાર ઉપર સવારના ૭ થી ૮ દરમ્યાન અન્ય બે ઈસમો સાથે જઈ તેને ઈજા પહોંચાડેલ તેવી હકીકત પણ પુરવાર કરવી જરુરી છે.

(૩૬) સબબ આ કામે ઈજા પામનાર અને આરોપી વચ્ચે એકમાત્ર ગાયત્રીબેન સાથેના પ્રેમ સબંધના કારણે તકરાર હોય અને તેવી તકરારના કારણે આ કામના આરોપીએ ઈજા પામનાર ઉપર દાઝ, અદાવત રાખી સમગ્ર તા.૨/૧/૧૬ ના રોજનો બનાવ બનેલ હોય તેવી હકીકત રજૂ થયેલ પુરાવાને આધીન ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે કેમ તે ધ્યાને લેતા આંક ૭ થી રજુ થયેલ ફરિયાદીનો પુરાવો ધ્યાને લેતા આંક

૮ થી રજુ થયેલ ફરિયાદ જોતા પ્રથમ દર્શનીય તા.૨/૧/૧૬ ના રોજના બનાવમાં ફરિયાદીએ દાખલ કરેલ ફરિયાદ જોતા ફરિયાદમાં બનાવ સબંધે ફરિયાદીએ કોઈ કારણ જાહેર કરેલ નથી તેમજ ફરિયાદીએ મૌખિક પુરાવા દરમ્યાન પણ બનાવ કયા કારણસર બનેલ તે સબંધે કોઈ માહિતી નથી અને તેજ હકીકતથી માત્ર ઈજા પામનાર તેનો ભાઈ હોય બનાવ સમયે ફરિયાદી પોતે બનાવ નજરે જોનાર હોય તે સબબ ફરિયાદ આપેલ હોય તેવુ જણાય છે. જેથી આંક ૮ થી રજુ થયેલ ફરિયાદ જોતા તા.૨/૧/૧૬ ના રોજ જયારે ફરિયાદ પક્ષ પ્રથમથી જ ઈજા પામનાર અને આરોપી વચ્ચે ગાયત્રીબેન સાથેના પ્રેમ સબંધને કારણે તા.૨/૧/૧૬ ના રોજનો બનાવ બનેલ હોય તેવુ જયારે કહેતા હોય ત્યારે પ્રથમ દર્શનીય આંક ૭ અને ૮ થી રજુ થયેલ ફરિયાદીના મૌખિક પુરાવા સાથે ફરિયાદ સમર્થન કરતી નથી. જેથી આ કામે ઈજા પામનાર બનાવ પહેલા ગાયત્રીબેન સાથે પ્રેમ સબંધ ધરાવતા હોય અને તેવા પ્રેમ સબંધને કારણે આરોપીએ પ્રથમથી જ દાઝ રાખી ઈજા પામનારને ઈજા કરેલ હોય તેવી સમગ્ર હકીકતથી ફરિયાદી અજાણ હોય અને તેથી જ ફરિયાદમાં તેવા કોઈ બનાવનું કારણ જણાવેલ નથી તેવુ જ સ્પષ્ટ જણાય છે, જે હકીકત પણ ફરિયાદીએ તેના આંક ૭ ના મૌખિક પુરાવા દરમ્યાન સ્વીકારેલ છે. જેથી એકમાત્ર ઈજા પામનારનો પુરાવો ઘ્યાને લેતા જે આંક ૧૩ થી રજુ થયેલ છે તે આંક ૧૩ થી રજુ થયેલ ઈજા પામનારનો સમગ્ર મૌખિક પુરાવો ઘ્યાને લેતા તે પણ આ કામના આરોપીએ એકમાત્ર સાહેદ ગાયત્રીબેન સાથેના પ્રેમ સબંધને કારણે દાઝ રાખી ઈજા પામનાર ઉપર તા.૨/૧/૧૬ ના રોજ હુમલો કરી, પ્રાણઘાતક ઈજાઓ પહોંચાડેલ

હોય તો તેવી હકીકતને પણ આંક ૧૩ થી ઈજા પામનારનો મૌખિક પુરાવો સમર્થન કરતો નથી. વધુમાં આંક ૧૩ થી ઈજા પામનારનો સમગ્ર મૌખિક પુરાવો ઘ્યાને લેતા જે આંક ૫ થી ફરમાવેલ તહોમતનામાની વિરુઘ્ઘ મૌખિક પુરાવો એટલે કે તા.૨/૧/૧૬ ના રોજ બનેલ બનાવનું કારણ આપતા હોય તેવુ જણાય છે અને પ્રથમ વખત ઈજા પામનારે તા.૨/૧/૧૬ ના રોજ જે બનાવ બનેલ તે બનાવનું કારણ જાહેર કરતા ઈજા પામનાર અને આરોપી વચ્ચે એકમાત્ર બનાવના ૨—૪ દિવસ પહેલા એટલે કે તા.૩૧/૧૨/૧૫ ના રોજ ઈજા પામનારની મોબાઈલની દુકાને આરોપી મોબાઈલ લેવા ગયા હોય અને બંને વચ્ચે મોબાઈલની ઉધાર ખરીદી સબબ તકરાર થયેલ હોય અને તેવી તકરારના કારણે ઈજા પામનારે ઉધારમાં મોબાઈલ આપવાનો ઈન્કાર કરતા તા.૨/૧/૧૬ ના રોજ આરોપીએ ઈજા પામનાર ઉપર હુમલો કરેલ હોય તેવી હકીકત ઈજા પામનારે મૌખિક પુરાવા દરમ્યાન જાહેર કરેલ છે તેવુ જણાય છે. જે ઈજા પામનારનો આંક ૧૩ નો મૌખિક પુરાવો ઘ્યાને લેતા પ્રથમ વખત જયારે ઈજા પામનાર મૌખિક પુરાવા દરમ્યાન તા.૨/૧/૧૬ ના રોજના બનાવના કારણ સબબ હકીકત જાહેર કરતા હોય ત્યારે આંક ૧૩ ના ઈજા પામનારનો સમગ્ર મૌખિક પુરાવો ઘ્યાને લેતા તે કોઈ પણ રીતે ફરિયાદ પક્ષ જયારે તા.૨/૧/૧૬ ના રોજના બનાવના કારણ સબબ ઈજા પામનાર અને સાહેદ ગાયત્રીબેન વચ્ચેના પ્રેમ સબંધના કારણે આરોપીએ તેની અદાવત રાખી ઈજા પામનાર ઉપર હુમલો કરેલ હોય તેવુ કહેતા હોય ત્યારે તેવા કારણથી વિરોધાભાસી કારણ ઈજા પામનારે મૌખિક પુરાવા દરમ્યાન જાહેર કરેલ હોય, જે પ્રથમ વખત ઈજા

પામનારે જાહેર કરેલ હોય તેવુ પણ જણાય છે. જે ધ્યાને લેતા આ કામના ઈજા પામનારનો આંક ૧૩ નો મૌખિક પુરાવો કોઈ પણ રીતે આરોપી અને તેની વચ્ચે સાહેદ ગાયત્રીબેન સાથેના પ્રેમ પ્રકરણના કારણે તકરાર થયેલ હોય અને તેવી તકરારની અદાવત રાખી આરોપીએ તેની ઉપર હુમલો કરેલ હોય તેવી કોઈ હકીકતને આંક ૧૩ થી રજુ થયેલ ઈજા પામનારનો મૌખિક પુરાવો સમર્થન કરતો નથી. વિશેષરુપે ઈજા પામનારે તેના આંક ૧૩ ના મૌખિક પુરાવા દરમ્યાન તે તેવા કોઈ સાહેદ ગાયત્રીબેન સાથેના પ્રેમ સબંધને સમર્થન કરતા નથી. તે માત્ર તેણીને ઓળખતા હોય અને બંનેના છોકરા એકજ સ્કૂલમાં ભણતા હોય અને તે કારણે તે ઈજા પામનાર આંક ૧૩ ના સાહેદને ગાયત્રીબેન સાથે પરિચય થયેલ હોય તેટલી જ હકીકત ઈજા પામનાર તેના મૌખિક પુરાવા દરમ્યાન જાહેર કરે છે. તે સિવાય ખરેખર આ કામના આરોપી અને ઈજા પામનાર વચ્ચે એકમાત્ર તેવા ગાયત્રીબેન સાથેના પ્રેમ પ્રકરણના કારણે તકરાર થઈ હોય અને તેવી તકરારને કારણે અદાવત રાખી તા.૨/૧/૧૬ ના રોજ ઈજા પામનાર અને આરોપી વચ્ચે બનાવ બનેલ હોય તો તેવી હકીકતને આંક ૧૩ ના ઈજા પામનારનો મૌખિક પુરાવો તેવા તા.૨/૧/૧૬ ના રોજના બનાવના કારણને સમર્થન કરતા નથી.

હવે જયારે આંક ૮ થી રજુ થયેલ ફરિયાદ જોતા ફરિયાદમાં બનાવનું કોઈ કારણ જણાવેલ નથી તેમજ ઈજા પામનારને બનાવ બન્યા બાદ જયારે તાત્કાલીક સરકારી દવાખાને સારવાર માટે લઈ જવામા આવે છે ત્યારે ઈજા પામનાર સંપુર્ણ સભાનઅવસ્થામાં હોવા છતાં માત્ર

આરોપીનું નામ કેસ હિસ્ટ્રીમાં જણાવી છરીથી ઈજા પહોંચાડવા સબબ હકીકત જણાવે છે. અન્ય બે ઈસમ સબબ કોઈ ખુલાસો કરતા નથી, બનાવનું કોઈ કારણ જણાવતા નથી, જે ધ્યાને લેતા માની લઈએ કે ઈજા પામનારની શારીરિક સ્થિતિ જોતા સંપુર્ણ બનાવ બન્યાની વિગત કેસ હિસ્ટ્રીમાં ઈજા પામનાર માટે લખાવવી શકય ન હોય કે તેની શારીરિક સ્થિતિ તેવી કેસ હિસ્ટ્રી લખાવવા સક્ષમ ન હોય અને તેથી માત્ર કેસ હિસ્ટ્રીમાં બનાવની સમગ્ર વિગત સાથે કારણ ન જણાવવાથી તા.૨/૧/૧૬ ના રોજ આવો કોઈ બનાવ બનેલ નથી તેવુ જો આરોપી કહેતા હોય તો તા.૨/૧/૧૬ ના રોજ બનાવ બનેલ છે પરંતુ આંક ૧૩ ના સાહેદનો સમગ્ર મૌખિક પુરાવો ધ્યાને લેતા તે પ્રથમથી જ તે તકરારને કારણે આરોપીએ ફરિયાદ પક્ષ ઉપર હુમલો કરેલ છે તેવા કોઈ કારણને ઈજા પામનારનો પુરાવો સમર્થન કરતો નથી.

(૩૭) વિશેષમાં તા.૨/૧/૧૬ ના રોજના સમગ્ર બનાવ સાથે જયારે બનાવનું કારણ ઈજા પામનારને થયેલ ઈજાઓ સબબ સમર્થન કરતું નથી, પરંતુ ઈજા પામનારને તા.૨/૧/૧૬ ના રોજના બનાવમાં ઈજા થયેલ છે તેટલુ સ્પષ્ટ જણાય છે. તે જ રીતે તા.૨/૧/૧૬ ના રોજના બનાવના કારણમાં રેકર્ડ ઉપર જયારે વિરોધાભાસ જણાઈ આવતો હોય ત્યારે તે વિરોધાભાસ ધ્યાને લેવા છતાં આ કામના આરોપીએ તા.૨/૧/૧૬ ના રોજ ઈજા પામનારને ઈજાઓ કરેલ છે કે કેમ તે સબબ રજુ થયેલ ફરિયાદીના મૌખિક પુરાવા સાથે આંક ૧૩ થી ઈજા પામનારનો પુરાવો ધ્યાને લેતા સમગ્ર બનાવ જોતા તા.૨/૧/૧૬ ના રોજ

જે બનાવ બનેલ છે તે ગુનાવાળી જગ્યા અને ફરિયાદીના કારખાનાની સ્થિતિ ધ્યાને લેતા ફરિયાદીના જ મૌખિક પુરાવા મુજબ ગુનાવાળી જગ્યાની સામે જ તેનુ કારખાનું આવેલ છે, જે કારખાનામાંથી બહાર નીકળતા જયારે ગુનાવાળી જગ્યા જોઈ શકાય તેવી હોય અને ફરિયાદીને જયારે મંગાભાઈ બારૈયા રીક્ષાવાળા આવીને તેના ભાઈ મુકેશને ત્રણ જણા ઝઘડો કરી મારે છે તેવુ કહેતા તરત તેની સાથે કારખાનામાંથી નીકળ્યા હોય અને દરમ્યાન તેનો મિત્ર પીન્ટુ ઉર્ફે નીતીનભાઈ અને રીક્ષાવાળા મંગાભાઈ સાથે શીતળા માતાની દેરીએ પહોંચેલ ત્યારે તે શૈલેષભાઈ મંગાભાઈ તેના ભાઈને શરીર ઉપર ઘા કરતા હતા અને તેથી બૂમ પાડી તે તરફ ગયેલ ત્યારે ત્રણે દોડીને ત્યાંથી મોટરસાઈકલ પર બેસીને ચાલ્યા ગયેલ સબબ ફરિયાદીએ આંક ૮ ની ફરિયાદમાં હકીકત જાહેર કરેલ છે તેની સાથે આંક ૭ થી ફરિયાદીનો મૌખિક પુરાવો જોતા ગુનાવાળી જગ્યા અને ફરિયાદી જે જગ્યાએ કામ કરે છે તે કારખાનાની સ્થિતિ જોતા કારખાનેથી જયારે ગુનાવાળી જગ્યા જોઈ શકાતી હોય ત્યારે ફરિયાદી માટે કારખાનામાંથી દોડી તેના ભાઈને જયારે શૈલેષભાઈ મંગાભાઈ જે ફરિયાદીના પણ પરિચિત હતા ત્યારે ફરિયાદી તેના મિત્ર પીન્ટુ અને રીક્ષાવાળા મંગાભાઈ ત્રણે દોડીને તેના ભાઈને બચાવવા વચ્ચે પડી શકયા હોત, પરંતુ માત્ર ફરિયાદીએ કારખાનામાંથી બૂમ પાડેલ જે બૂમ પાડતા ત્રણે જણા મોટરસાઈકલ ઉપર બેસી નાસી ગયેલ સબબ હકીકત ફરિયાદી સ્વીકારતા હોય ત્યારે તેની સાથે આંક ૧૩ થી ઈજા પામનાર સાહેદનો મૌખિક પુરાવો ધ્યાને લેતા તેના ભાઈ તેનાથી વીસેક ફૂટ દૂર હોય અને તેના ભાઈની બૂમ પણ તેણે સાંભળેલ નથી તેવુ જયારે

ઈજા પામનાર જણાવતા હોય ત્યારે ફરિયાદીનો મૌખિક પુરાવો ધ્યાને લેતા તેણે જયારે બૂમ પાડી તે બૂમ સાંભળીને આરોપી ભાગી જાય છે પરંતુ ઈજા પામનાર તેવી બૂમ સાંભળતા નથી ત્યારે ઈજા પામનાર બેભાન થઈ ગયા હશે તેવુ કહી શકાય. જયારે દવાખાનામાં ઈજા પામનાર પહોંચે છે ત્યારે દવાખાનામાં ઈજા પામનાર સંપુર્ણ સભાનઅવસ્થામાં હોય તેવી સભાનઅવસ્થામાં ઈજા પામનારે કેસ હિસ્ટ્રી લખાવી છે ત્યારે પ્રથમ દર્શનીય બનાવ બન્યો ત્યારે ખરેખર આ કામના ફરિયાદીએ બૂમ મારી તેવી બૂમના કારણે આરોપીઓ ભાગી ગયેલ કે બનાવ બન્યા બાદ ફરિયાદી સ્થળ ઉપર પહોંચેલ અને તેવી હકીકતને જ રેકર્ડ ઉપરનો મૌખિક પુરાવો સમર્થન કરતો નથી અને તેથી જ ફરિયાદી અને આંક ૧૩ ના ઈજા પામનારનો મૌખિક પુરાવો ધ્યાને લેતા પ્રથમ દર્શનીય ખરેખર બનાવ આ કામના ફરિયાદીએ નજરે જોયેલ હોય તો તેના ભાઈને જે માત્ર બનાવવાળી જગ્યાએથી વીસેક ફૂટ દૂર હોવા છતાં કોઈ બચાવવાનો પ્રયાસ કરતા નથી તે સબબ ફરિયાદીએ કોઈ ખુલાસો પણ મૌખિક પુરાવા દરમ્યાન કરેલ નથી અને તે જયારે સ્થળ પર પહોંચે છે ત્યારે તેના ભાઈ બેભાન પડેલ હોવાનું ફરિયાદી જણાવે છે, જયારે તબીબી પુરાવો તેવી ઈજા પામનારની શારીરિક સ્થિતિને સમર્થન કરતો નથી.

(૩૮) ઉપરોકત સમગ્ર ચર્ચા સાથે ફરિયાદીને જયારે બનાવની સૌપ્રથમ જાણ રીક્ષાવાળા મંગાભાઈ આવીને કરે છે અને તે જ રીતે આંક ૧૭ અને ૧૮ ના બંને સાહેદોનો પુરાવો જોતા તે બંને ફરિયાદી સાથે

બનાવ નજરે જોયેલ હોવા છતાં પ્રથમ બનાવની જાણ અને બનાવ નજરે જોનાર તરીકે રીક્ષાવાળા મંગાભાઈ કે જેઓને આંક ૧૭ થી તપાસવામા આવેલ છે તેઓ જ ફરિયાદીને બનાવની જાણ કરવા જતા હોય તેવી હકીકતને આંક ૧૭ તથા ૧૮ થી તપાસવામા આવેલ બંને સાહેદો તા.૨/૧/૧૬ ના રોજના બનાવની હકીકતને સમર્થન કરતા નથી.

(૩૯) હવે ગુનાવાળી જગ્યાની ચતુર્દિશા ધ્યાને લઈએ તો પ્રથમ દર્શનીય હકીકત સ્પષ્ટ જણાય છે કે ગુનાવાળી જગ્યાની આજબાજુમાં કોઈ હીરાના કારખાના નથી. ફરિયાદી જે જગ્યાએ કામ કરે છે ત્યાંથી ગુનાવાળી જગ્યાએથી કોઈ કારખાનુ ફરિયાદીનું દેખાતુ નથી. સબબ ગુનાવાળી જગ્યાની ચતુર્દિશા જોતા ફરિયાદી જ જયારે તેના કારખાનેથી ગુનાવાળી જગ્યા દેખાતી હોય તેવુ કહેતા હોય ત્યારે તેવી હકીકતને ત.ક.અમલદાર અને ગુનાવાળી જગ્યાના આંક ૨૨ થી રજુ થયેલ પંચનામુ સમર્થન કરતા નથી. વિશેષમાં ત.ક.અમલદારની સમગ્ર તપાસ સાથે ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા ફરિયાદ પક્ષ અને આરોપી વચ્ચે મોબાઈલ લે–વેચની તકરાર અને ગાયત્રીબેન સાથેના પ્રેમ પ્રકરણના કારણે તા.૨/૧/૧૬ ના રોજનો બનાવ બનેલ તેવુ તપાસ દરમ્યાન જણાઈ આવતુ હોય ત્યારે ઈજા પામનારે પોલીસ રુબરુના નિવેદનમાં તા.૨/૧/૧૬ પહેલા એટલે કે તા.૩૧/૧૨/૧૫ ના રોજ આરોપી સાથે મોબાઈલ લે–વેચ બાબત તકરાર થયેલ હોય અને આરોપીએ તેને જોઈ લેવાની ધમકી આપેલ હોય તેવી હકીકત નહિ લખાવવાનું કોઈ કારણ ન હતું અને તેવી હકીકત પ્રથમ

વખત જયારે ઈજા પામનાર મૌખિક પુરાવા દરમ્યાન જાહેર કરતા હોય ત્યારે ફરિયાદ પક્ષ તેવા બનાવના કારણમાં જ જયારે વિરોધાભાસ રેકર્ડ ઉપર આવતો હોય ત્યારે તેનો ખુલાસો કરવો જરુરી હોવા છતાં તેવો કોઈ ખુલાસો ફરિયાદ પક્ષ તરફે થયેલ નથી. તે જ રીતે ઈજા પામનારે મૌખિક પુરાવા દરમ્યાન પણ બનાવ બની ગયા બાદ ઈજા પામનનાર જયારે તેની દુકાને જતા હોય ત્યારે આરોપીએ તેને ધમકાવેલ હોય અને તે સબંધે તેણે પોલીસ સ્ટેશનમાં અરજી પણ આપેલ હોય તેવુ જણાવે છે. જે સમગ્ર હકીકત ધ્યાને લેતા ઈજા પામનારે બનાવ બની ગયા બાદ ફરીથી આ કામના આરોપીએ તેને ધમકાવેલ હોય તે સબબ કોઈ ફરિયાદ દાખલ કરેલ નથી અને આરોપી પીધેલ હાલતમાં હોય અને તેવી પીધેલ અવસ્થામાં આ કામના આરોપીએ ઈજા પામનાર સાથે ઝઘડો કરેલ હોય તેવુ ઈજા પામનાર કહેતા હોય તો ઈજા પામનાર જયારે બનાવ બની ગયા બાદ ભાનમાં આવે ત્યારે ત.ક.અમલદારને તેવી હકીકત નહિ કહેવાનું કોઈ કારણ ન હતું, પરંતુ રજુ થયેલ સમગ્ર મૌખિક પુરાવો ધ્યાને લેતા ફરિયાદ પક્ષ તરફે તેના સંદર્ભે કોઈ ખુલાસો થતો નથી.

**<u>રજૂ થયેલ પંચનામાની ચર્ચા :–</u>**

(૪૦) ફરિયાદ પક્ષ તરફે આંક ૨૨ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ ગૌતમભાઈ લઘરાભાઈ મકવાણાને આંક ૨૧ થી તપાસવામા આવેલ છે. સદર પંચ સાહેદે તેમની જુબાનીમાં આંક ૨૨ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે અને

જણાવેલ છે કે, ગુનાવાળી જગ્યા અમીતભાઈ પોલીસને બતાવતા હતા. બનાવ સ્થળે લોહીના ડાઘા જમીન ઉપર હતા તે અંગેના સેમ્પલ તેમની રુબરુ પોલીસે લીધેલા. આમ, આ પંચ સાહેદનો આંક ૨૧ નો મૌખિક પુરાવો તથા આંક ૨૨ ના ગુનાવાળી જગ્યાના પંચનામાથી તે જગ્યાએ આંક ૧૩ ના ઈજા પામનાર સાથે તા.૨/૧/૧૬ ના રોજ જે બનાવ બનેલ છે તેમાં ઈજા થતાં લોહી નીકળતા લોહીના સુકાઈ ગયેલા ધાબા જોવા મળેલાની હકીકતને સમર્થન મળે છે. ફરિયાદ પક્ષ તરફે આંક ૨૮ વાળા ઈજા પામનાર કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ વિજયભાઈ હિંમતભાઈ ઢાપાનેને આંક ૨૭ થી તપાસવામા આવેલ છે. સદર પંચ સાહેદે તેમની જુબાનીમાં આંક ૨૭ વાળા ઈજા પામનાર મુકેશભાઈના કપડા કબજે કર્યાના પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે અને જણાવેલ છે કે તે કપડામાં પંચનામા વખતે કાળા કલરનું જાકીટ હતું. આ જાકીટમાં છરીના ઘા મારેલા હતા જેથી કાપા જોવા મળેલા, જે જાકીટ પંચનામાની વિગતે કબજે લીધેલુ. એક પેન્ટ હતું જેમાં પાછળના ભાગે કાપા હતા આ પેન્ટ પણ પંચનામાની વિગતે કબજે લીધેલ. ત્યારબાદ એક ટીશર્ટ અને નીકર તથા બે સોની કંપનીના મોબાઈલ પંચનામાની વિગતે કબજે લીધેલ. આમ, આ પંચ સાહેદની જુબાની ધ્યાને લેતા તા.૨/૧/૧૬ ના રોજ બનેલ બનાવમાં ઈજા પામનાર આંક ૧૩ ના સાહેદને છરી વડે ઈજા થતાં તેના જાકીટ અને પેન્ટના ભાગે કાપા પડી ગયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. ફરિયાદ પક્ષે આંક ૩૫ વાળા આરોપીના અટક કર્યાના તથા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ જીતેન્દ્રભાઈ ગીધાભાઈ ધાપાને આંક ૩૪ થી તપાસવામા આવેલ છે.

તેઓની જુબાની ઘ્યાને લેતા આ કામના આરોપીને બુધાભાઈ ચૌહાણ સુરકાવાળાની વાડીએથી અટક કરવામાં આવેલ છે અને તેની બાજુમાં એક મોટરસાઈકલ પડેલ હતી તેની જમણી સાઈડે એક થેલો હતો તેમાં બીજી ચેઈન ખોલી એક કાળા કલરના હાથાવાળી છરી કબજે કરેલી. આ છરી ઉપર લોહીના ડાઘા પણ હતા. આ છરી તથા મોટરસાઈકલ પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે આંક ૩૮ વાળા આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ ભુપતભાઈ પોલાભાઈ બારૈયાને આંક ૩૭ થી તપાસેલ છે. તેઓની જુબાની ઘ્યાને લેતા તેમની રુબરુમાં કાળા કલરનું પેન્ટ તથા એક ટીશર્ટ પોલીસે તેમને બતાવેલ અને તપાસથર્એ કબજે લીધેલ. પરંતુ આ સાહેદે જેના કપડા હતા તે ઈસમ શૈલેષભાઈ મંગાભાઈ પોલીસ સ્ટેશને હાજર ન હતા તેમ જણાવી પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. જયારે આજ પંચનામાના અન્ય પંચ સાહેદ વિક્રમભાઈ લઘરાભાઈ બારૈયાનો આંક ૪૧ નો મૌખિક પુરાવો ઘ્યાને લેતા તા.૬/૧/૧૬ ના રોજ પોલીસે તેમને ભરતનગર પોલીસ સ્ટેશને બોલાવતા આરોપી શૈલેષભાઈ પોલીસ સ્ટેશને હાજર હતા અને કપડામાં એક કાળુ ટી શર્ટ અને કોફી કલરનું નાઈટ પેન્ટ કબજે કરેલુ. વધુમાં તેઓ જણાવે છે કે તે પેન્ટ આજ હતું કે કેમ તે અંગે તેઓ ચોકકસ કહી શકે નહિ. ફરિયાદ પક્ષે આંક ૪૩ વાળા આરોપીના બ્લડ સેમ્પલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદો ભરતભાઈ બચુભાઈ પરમારને આંક ૪૨ થી તથા પૃથ્વીરાજ બટુકભાઈ ચૌહાણને આંક ૪૪ થી તપાસવામા આવેલ છે. તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવી આંક ૪૩ વાળા પંચનામાની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી.

તે જ રીતે ફરિયાદ પક્ષે આંક ૪૬ વાળા ઈજા પામનારના બ્લડ સેમ્પલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદો અતુલભાઈ ધીરુભાઈ ત્રિવેદીને આંક ૪૫ થી તથા સંતોષભાઈ શાંતીભાઈ ચૌહાણને આંક ૪૭ થી તપાસેલ છે. તેઓએ પણ તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવી આંક ૪૬ વાળા પંચનામાની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી.

આમ ઉપરોકત આંક ૨૨, ૨૮, ૩૫, ૩૮, ૪૩ તથા ૪૬ વાળા પંચનામા ઘ્યાને લેતા આ કામના આંક ૧૩ ના ઈજા પામનારને તા.૨/૧/૧૬ ના રોજના બનાવમાં ગંભીર અને જીવલેણ ઈજા થયાની હકીકત જણાઈ આવે છે, પરંતુ આવી ઈજા આ કામના આરોપી ઘ્વારા જ કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન મળતુ નથી.

(૪૧) આમ ઉપર ચર્ચા કર્યા અનુસાર આંક–૪૮ થી ૫૧ ના તબીબી પુરાવાથી આંક–૧૩ ના ઈજા પામનારને થયેલી ઈજાઓ મૃત્યુ નિપજાવવા પુરતી હોય તેવી જીવલેણ ઈજાઓ થયેલાનું પુરવાર થયેલ છે પરંતુ આ કામના આરોપીએ આંક–૧૩ ના ઈજા પામનારનું મૃત્યુ નિપજાવવાનો ઈરાદો સેવેલો હોય અને તે ઈરાદો બર લાવવા તા.૨/૧/૧૬ ના રોજ મુદ્દામાલ આર્ટીકલ નં.૧૦ વાળી છરી ધારણ કરેલી હોય અને તે મુદ્દામાલ આર્ટીકલ નં.૧૦ વાળી છરીથી આંક–૧૩ ના ઈજા પામનારને શરીરના જુદા જુદા વાઈટલ પાર્ટ ઉપર જીવલેણ ઈજાઓ પહોંચાડી તેઓનું મૃત્યુ નિપજાવવાની કોશીષ કરેલાનું રજુ થયેલ પુરાવાને આધીન નિઃશંકપણે પુરવાર થતું ન હોય મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨</u>:–**

(૪૨) આ કામે આંક–૫ વાળુ તહોમતનામુ ધ્યાને લેતાં, આ કામના આરોપી સામે જી.પી.એકટની કલમ ૧૩૫ અન્વયે ચાર્જ ફરમાવવામાં આવેલ છે અને આ સંદર્ભે આંક–૯૩ થી બનાવ સમયે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ધ્વારા હથિયારબંધીનું જાહેરનામુ પ્રસિઘ્ધ થઈ અમલમાં હોવા બાબતે જાહેરનામાની કોપી રજુ થયેલ છે પરંતુ આ જાહેરનામાની પ્રસિઘ્ધિ કાયદામાં જણાવેલ પ્રક્રિયા અનુસાર થયેલ છે તેવુ પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફથી કોઈ સાહેદને તપાસવામાં આવેલ નથી કે તે અંગેનો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી આરોપી સામે જી.પી.એકટની કલમ ૧૩૫ અન્વયેનો ગુનો પુરવાર થતો ન હોય, મુદ્દા નં.૨ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## –: <u>આખરી હુકમ</u>:–

૧. ક્રિ.પ્રો.કો.ક.૨૩૫(૧) મુજબ, આરોપી શૈલેષભાઈ મંગાભાઈ કંટારીયા, રહે.તરસમીયા, તા.જિ.ભાવનગરવાળાને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ સજાને પાત્ર ગુનો કર્યાના તહોમત સબબ, શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

૨. આ કામના આરોપીના જામીનખત રદ કરવામાં આવે છે અને તેથી જામીનોને જામીનગીરીમાંથી મુકત કરવામાં આવે છે.

૩. આ કામે રજુ થયેલ મુદ્દામાલ પૈકી મુદ્દા.આર્ટી.નં.૭,૮ વાળા મોબાઈલ તથા મુદ્દા.આર્ટી.નં.૯ વાળા મોટરસાઈકલ અપીલ સમય વીત્યેથી મુદ્દામાલની ખરાઈ કર્યા બાદ જે તે માલિકને પરત સોંપવા જયારે તે સિવાયનો બાકીનો તમામ મુદ્દામાલ બીનકિંમતી હોય તેનો નાશ કરવો.

૪. ક્રિ.પ્રો.કોડની નવી સુધારેલી કલમ ૪૩૭(એ) ની જોગવાઈઓ અને શરતો મુજબ આરોપીએ રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો જાતમુચરકો તથા તેટલી જ રકમના જામીન આજની તારીખથી છ મહિનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો, આજ તા.૨૭, માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૯ ના રોજ, ખુલ્લી અદાલતમાં, વાંચી સંભળાવી, જાહેર કર્યો.

ભાવનગર.
તા.૨૭–૦૨–૨૦૧૯.

(શુભદા કૃષ્ણકાન્ત બક્ષી)
સત્ર ન્યાયાધીશ
ભાવનગર.
કોડ નં.જીજે–૦૦૩૭૭